

Page 14


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 39, Dt. 13-06-2026 (SATURDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789


## સરકારની લાઈન તૂટી; મંત્રીના ભાઈએ જ ખેડૂતોનો ઝંડો ઉઠાવ્યો

# ભાજપ મંત્રી કાંતિ અમૃતિયાએ ખેડૂતોને દબાવવાનો પ્રયાસ કરતા સગા ભાઈએ ખેડૂત આંદોલનમાં સમર્થનમાં ખૂલ્લેઆમ મેદાનમાં

- કાંતિ અમૃતિયાના ભાઈ રાકેશ અમૃતિયાએ જણાવ્યું જ્યાં સુધી ખેડૂતોને તેમના હક્કનું વળતર નહીં મળે ત્યાં સુધી આ લડત અટકશે નહીં
- રાકેશ અમૃતિયાએ કહ્યું : મારે હવે પરિવાર કે કોઈની દુશ્મની નથી મારે મારા બાપના ગામ માટે બલિદાન દેવું છે



AI IMAGE

**મોરબીના જેતપર ગામે વીજ લાઈન નાખવા સામે ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું હતું**

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના જેતપર ગામે વીજ લાઇન નાખવા સામે ખેડૂતો દ્વારા ચલાવવામાં આવી રહેલા આંદોલનને હવે રાજકીય અને સામાજિક રીતે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આ આંદોલન હવે સરકાર માટે માથાનો દુખાવો બની રહ્યું છે, કારણ કે આ લડતમાં ભાજપ સરકારના મંત્રી કાંતિલાલ અમૃતિયાના સગા ભાઈ પણ ખેડૂતોના સમર્થનમાં ખુલ્લેઆમ મેદાનમાં આવ્યા છે.

આજે જેતપર ગામના ચોકમાં આયોજિત રામધુન કાર્યક્રમ દરમિયાન મંત્રીના ભાઈ રાકેશભાઈ અમૃતિયાએ તીખા તેવર બતાવતા જણાવ્યું હતું કે, ’જ્યાં સુધી ખેડૂતોને તેમના હક્કનું યોગ્ય વળતર નહીં મળે, ત્યાં સુધી આ લડત અટકશે નહીં. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં તેઓ અત્યંત આક્રમક દેખાઈ રહ્યા છે. તેમણે ખેડૂતોને સંબોધતા કહ્યું કે, ’મારે હવે પરિવાર કે કોઈની દુશ્મની નથી, મારે મારા બાપના ગામ માટે બલિદાન દેવું છે.’ આ નિવેદન બાદ આંદોલનને વધુ વેગ મળ્યો છે.

બીજી તરફ આજે જેતપરની મુલાકાત દરમિયાન ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે, ગુજરાતમાં જરૂરિયાત કરતા વધુ વીજળી છે, ત્યારે ખાનગી કંપનીઓએ અહીંના ખેડૂતોના ખેતરમાં થાંભલા નાખવાને



બદલે તેનો લાભ લેતા અન્ય રાજ્યોમાં વ્યવસ્થા કરવી જોઈએ. તેમણે ૨૦૧૩ના જમીન સંપાદન કાયદા મુજબ માર્કેટ પ્રાઈસ કરતાં ૪ ગણું વળતર આપવાની માંગ કરી છે. મેવાણીએ ખેડૂતો પર થઈ રહેલા કથિત અત્યાચાર અને પોલીસ દમનની ટીકા કરતાં ૧૫ જૂનના રોજ ગાંધીનગર ખાતે મોટા આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રી કાંતિ અમૃતિયાએ ખાનગીમાં આંદોલનકારી આગેવાનો સાથે મીટિંગ કરી આંદોલન સમેટી લેવા દબાણ કર્યું હતું, પરંતુ ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ પીછેહઠ કરશે નહીં. હાલમાં સમગ્ર પંથકમાં વીજ કંપની અને ખેડૂતો વચ્ચેનો આ વિવાદ ચર્ચાનો વિષય બન્યો છે.

## મોંઘવારીની આગમાં રાજકોટનો વાણંદ સમાજ પણ દાઝી ગયો !

# શેવિંગ-હેરકટ હવે મોંઘા

## સલૂનમાં 20%નો ભાવ વધારો







**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી ક્ષૌરકર્મ ધંધાદાર સમિતિ રાજકોટના પ્રમુખ અતુલભાઈ વાજાના માર્ગદર્શનમા એસોસિએશનની મીટિંગ મળેલ હતી જેમા અત્યારની પરિસ્થિતિની સમીક્ષા કરેલ હતી. તેમજ અત્યારે વૈશ્વિક અર્થતંત્ર મોંઘવારી માથી પસાર થઈ રહ્યુ છે જેમાથી ભારત પણ અછુતુ નથી. ડીઝલ અને પેટ્રોલ મા ભાવ વધારો થતા અત્યાર ના સમય મા ટ્રાન્સપોર્ટેશન ખુબજ મોંઘુ થયેલ છે. જેના લીધે સવારથી જાગી અને રાત પડે ત્યાર સુધીની દરેક જીવન જરૂરી વસ્તુમા પુષ્કર ભાવ વધારો થયેલ છે.

તેમજ અત્યાર ના સમય બાળકો ના શિક્ષણ ની ફી મા પણ તોતિંગ ભાવ વધારો થયેલ છે. તેમજ હેર કટિંગ સલૂન ના ઉપયોગ થતા કોસ્મેટિક આઇટમ ઈલેક્ટ્રોનીક્ષ આઈટમ મા પણ પુષ્કર ભાવ વધારો થતા હવે જુના ભાવમા સલૂન નો વ્યવસાય પોસાય તેમ નથી. કારણકે સલૂન વ્યવસાય મા કામ કરતા કારીગરો ને પોતાના પરિવાર નુ ભરણ પોષણ કરવા માટે યોગ્ય આવક જોઈએ જેથી કરીને કારીગરો ના પગાર મા પણ વધારો કરવાથી હવે જુના ભાવમા બિઝનેસ કરવો પોસાય તેમ ન હોવાથી ક્ષૌરકર્મ વાળંદ સમાજ ધંધાદાર સમિતિ રાજકોટ ના પ્રમુખ અતુલભાઈ વાજા ના માર્ગદર્શન નીચે કારોબારીની મીટિંગ મળેલ હતી જેમા સર્વાનુમતે તા.૧૫/૬/૨૦૨૬, સોમવાર થી ૨૦% નો ભાવ વધારો જાહેર કરેલ છે. જેની દરેક માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા ક્ષૌરકર્મ ધંધાદાર સમિતી ની યાદીમા જણાવેલ છે.

## રોકેટ ગતિએ વધી રહી છે મોંઘવારી

# 5 મહિનમાં પહેલીવાર 4%નો નજીક પહોંચી મોંઘવારી

## ખાવા-પીવાની તમામ વસ્તુઓના ભાવ વધ્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશમાં છૂટક મોંઘવારીની ગતિ ફરી એકવાર વધી ગઈ છે. મે મહિનામાં તે વધીને ૩.૯૩% પર પહોંચી ગઈ છે, જે એપ્રિલમાં ૩.૪૮% હતી. છેલ્લા ૫ મહિનામાં આ પહેલીવાર છે જ્યારે છૂટક મોંઘવારી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના મધ્યમ-ગાળાના લક્ષ્ય ૪%ની ખૂબ નજીક પહોંચી ગઈ છે. ૨૦૨૬ની શરૂઆતમાં મોંઘવારી દર ઘણો ઓછો હતો. જાન્યુઆરીમાં તે ૨.૭૪%ના સ્તર પર હતી, જે મે સુધી સતત વધતા ૩.૯૩% પર આવી ગઈ છે. ગયા મહિને એટલે કે એપ્રિલની સરખામણીમાં મે મહિનામાં છૂટક મોંઘવારીમાં ૦.૭૫%નો વધારો નોંધાયો છે. માસિક ધોરણે કિંમતોમાં આવેલો આ ઉછાળો છેલ્લા ૧૬ મહિનામાં સૌથી ઝડપી છે, જે દર્શાવે છે કે બજારમાં સતત ભાવ દબાણ વધી રહ્યું છે. આ વખતે પણ મોંઘવારી વધવા પાછળનું સૌથી મોટું કારણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં આવેલી તેજી છે. મે મહિનામાં કન્ઝ્યુમર ફૂડ ઈન્ફ્લેશન વધીને ૪.૭૮% પર પહોંચી ગયું, જે એપ્રિલમાં ૪.૨% હતું.

## ફૂડ પામ ઓઈલ 30% સોયાબીન ખોળ 75% મોંઘા થયા

# ડૂંગળી, ટમેટા, આદુમાં પણ ભાવ વધ્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશમાં વધતી મોંઘવારી અને ઉદ્યોગોના નફા-નુકસાનની ચર્ચા સામાન્ય રીતે દિલ્હી કે મુંબઈના નજરિયાથી થાય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, ઉત્તર અને પશ્ચિમ ભારતના ઔદ્યોગિક બજેટ અને ખાદ્યતેલની મોંઘવારી માપવાનું સાચું પ્રાઈસિંગ મીટર કચ્છનું કંડલા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી તંગદિલી અને બદલાયેલા વૈશ્વિક શિપિંગ રૂટ્સ વચ્ચે સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના ૫ જૂનના આંકડાઓ અને ૧૧ જૂન સુધીના બજારના ટ્રેન્ડે



બજારમાં હડકંપ મચાવ્યો છે.

માત્ર એક જ વર્ષમાં કંડલા ખાતે પામ ઓઈલના લેન્ડિંગ કોસ્ટ અને નિકાસ થતા સોયાબીન ખોળના બેઝ ભાવમાં ૩૦ થી ૭૫ ટકા સુધીનો જંગી ઉછાળો આવ્યો છે, જેની સીધી અસર ગૃહિણીઓના રસોડાથી લઈને પશુપાલકોના બજેટ પર પડવાની શરૂઆત થઈ ચૂકી છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Velvet Circle

# IMMERSIVE YOGA



## યશ મોરડિયા
(ઈન્ટરનેશનલ યોગા ટીચર)

19 JUNE 2025

AN IMMERSIVE WELLNESS EXPERIENCE LIKE NEVER BEFORE

SARAZA • RAJKOT

**BOOKING CONTACT**

**9913419494**

**9998998980**

## શું તમે રોજિંદા સ્ટ્રેસથી થાકી ગયા છો?

- શું તમે શાંતિ, એકાગ્રતા અને તાજગી શોધી રહ્યા છો?
- હવે અજમાવો ઈમર્સિવ યોગ જ્યાં યોગ સાથે ટેકનોલોજીનો અદ્ભુત સંગમ!



## શું ખાસ છે?

- શાંતિદાયક સંગીત અને સાઉન્ડ થેરાપી
- સુગંધિત વાતાવરણ સાથે ડીપ રિલેક્સેશન
- નિષ્ણાત માર્ગદર્શન હેઠળ યોગાસન અને ધ્યાન

## ફાયદા

- તણાવમાંથી તરત રાહત
- ધ્યાન અને એકાગ્રતા વધે
- મન-શરીરનું મજબૂત જોડાણ
- યોગમાં નવી ઊર્જા અને ઉત્સાહ
- હવે તમારા શહેરમાં ઉપલબ્ધ!
- આજે જ જોડાઓ અને અનુભવો “અસલી શાંતિ”

**દશાબ્દી માત્ર મહોત્સવ નહીં, પરંતુ ગુજરાતની રાજનીતિમાં ટર્નિંગ પોઈન્ટ બની શકે છે**

# ખોડલધામ 2027 જાન્યુઆરીમાં પાટીદાર ચહેરો લોન્ચ કરશે ?



**ગુજરાતની રાજનિતીમાં કંઈક મોટું શાંત રીતે રંધાઈ રહ્યું છે ! ઔપચારિક મુલાકાત કે પછી કોઈ નવી ગોઠવણ ?**

## નરેશ પટેલ-હર્ષ સંઘવી 30 મિનિટ બંધ બારણે બેઠક પાછળ મોટો ગેમ પ્લાન ?

## ડેપ્યૂટી મુખ્યમંત્રી અને ખોડલધામના સર્વેસર્વા નરેશ પટેલના ઘરે માત્ર રામ-રામ કરવા જાય અને 30 મિનિટ સુધી ચર્ચા કરે એ વાત સામાન્ય લાગતી નથી

રાજકોટમાં ડેપ્યુટી મુખ્યમંત્રી અને ખોડલધામના નરેશ પટેલ વચ્ચે થયેલી મુલાકાતને ભલે “ઔપચારિક” કહેવામાં આવી રહી હોય, પરંતુ હકીકતમાં આ મુલાકાતે ગુજરાતની રાજનીતિમાં નવા સવાલો ઉભા કરી દીધા છે. કોઈ ટોચનો નેતા કોઈ પ્રભાવશાળી સંસ્થાના આગેવાનના ઘરે જાય, ૩૦ મિનિટ સુધી બંધ બારણે ચર્ચા કરે અને પછી કહે કે “માત્ર શિષ્ટાચાર મુલાકાત” આ વાત હવે જનતા સહેલાઈથી માનવા તૈયાર નથી.

૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી હવે દૂર નથી અને સૌરાષ્ટ્રમાં રાજકીય હલચલ તેજ થઈ રહી છે. આમ આદમી પાર્ટી ગામડાં સુધી મજબૂત બની રહી છે, જ્યારે ભાજપ માટે પાટીદાર સમીકરણ ફરી ગોઠવવું જીવનમરણનો પ્રશ્ન બની ગયો છે. આવી સ્થિતિમાં ખોડલધામ જેવી સંસ્થા અને નરેશ પટેલ જેવા પ્રભાવશાળી ચહેરા કેન્દ્રમાં આવી જાય એ સ્વાભાવિક છે પણ અહીં સૌથી મોટો ટ્વિસ્ટ છે અનાર પટેલ.

પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની દીકરી અનાર પટેલને ખોડલધામમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. નરેશ પટેલે પોતે નિવૃત્તિના સંકેત આપ્યા હતા, તો હવે શું પાટીદાર નેતૃત્વને નવી દિશા આપવા માટે અનાર પટેલને આગળ ધપાવવાનો ગેમ પ્લાન તૈયાર થઈ રહ્યો છે?

**સવાલો હજુ યથાવત છે**

- બંધ બારણે શું નક્કી થયું?
- શું સૌરાષ્ટ્ર માટે નવી રાજકીય સ્ક્રિપ્ટ લખાઈ રહી છે?
- કે પછી ૨૦૨૭ માટેનો મોટો “માસ્ટરસ્ટ્રોક” તૈયાર થઈ રહ્યો છે?

આ સવાલ એટલા માટે વધુ ગંભીર બને છે કારણ કે જાન્યુઆરી ૨૦૨૭માં ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૧૦ વર્ષ પૂર્ણ થશે અને “દશાબ્દી મહોત્સવ ૨૦૨૭”નું ભવ્ય આયોજન થવાનું છે. ૨૩ જાન્યુઆરીનો દિવસ માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં, પણ રાજકીય મંચ બની શકે જ્યાંથી કોઈ મોટી જાહેરાત થાય તો નવાઈ નહીં.




શું અનાર પટેલને સૌરાષ્ટ્રનો કે ગુજરાતનો “નંબર વન” ચહેરો બનાવવાની તૈયારી છે? કે પછી આ બધું માત્ર અટકળો છે? પરંતુ રાજકારણમાં સમયનું મહત્વ હોય છે અને ચૂંટણી પહેલા માત્ર ૭-૮ મહિના બાકી હોય ત્યારે આવી મુલાકાતો ક્યારેય “સામાન્ય” નથી હોતી.

એક વાત તો નક્કી છે. જાન્યુઆરી ૨૦૨૭ માત્ર મહોત્સવ નહીં, પરંતુ ગુજરાતની રાજનીતિમાં ટર્નિંગ પોઈન્ટ બની શકે છે અને ત્યાં સુધી ખોડલધામમાં શું રંધાઈ રહ્યું છે તે રાજકારણની સૌથી મોટી મિસ્ટ્રી બની રહેશે!



## નરેશ પટેલ અને હર્ષ સંઘવી વચ્ચે અડધો કલાક બંધ બારણે ચર્ચા

# નરેશ પટેલ ટ્રેન્ડમાં; એટલે ચૂંટણી આવી રહી છે !



## ખોડલધામ ચેરમેને કહ્યું, માત્ર સામાજિક ચર્ચા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સાંઢીયા પુલનું લોકાર્પણ કરી DYCM હર્ષ સંઘવી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલના ઘરે પહોંચ્યા હતા. અહીં હર્ષ સંઘવી અને નરેશ પટેલ વચ્ચે લગભગ અડધો કલાક બંધબારણે બેઠક ચાલી હતી. વર્ષ ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણી પૂર્વેની આ બેઠકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે , ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીની એવી ઈચ્છા હતી કે આપણે નરેશભાઈ પટેલના ઘરે શુભેચ્છા મુલાકાત માટે જઈએ જેથી અહીં તેઓ મળવા આવ્યા છે. નરેશભાઈની નિવૃત્તિ એ તેમનો વ્યક્તિગત પ્રશ્ન છે અને આ મુલાકાતને હું રાજકીય રીતે જોતો નથી.આ મુલાકાત અંગે નરેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ચા-પાણી પીવા માટે મારા




ઘરે આવ્યા હતા અને માત્ર સામાજિક ચર્ચાઓ જ થઈ છે આ સિવાયની કોઈપણ ચર્ચાઓ થઈ નથી.આગામી જાન્યુઆરી ૨૦૨૭માં કાગવડ સ્થિત ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે આ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા ભવ્યાતિભવ્ય દશાબ્દી મહોત્સવ ૨૦૨૭નું આયોજન કરવામાં આવ્યું છે. દશાબ્દી મહોત્સવના આયોજનના ભાગરૂપે ૨૩ મેએ ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશ પટેલે સર્વ સમાજને આમંત્રણ આપવા માટે માતાજીના અલગ અલગ ત્રણ રથને રાજકોટથી પ્રસ્થાન કરાવ્યું હતું જે સમગ્ર ગુજરાતમાં ફરી લોકોને ફરી આ આયોજનને ભવ્યાતિભવ્ય બનાવવા આમંત્રણ આપશે. આ પ્રસંગે નરેશ પટેલે નિવૃત્તિના પણ સંકેત આપ્યા હતા. વર્ષ ૨૦૨૭માં તેઓ નિવૃત્તિ લઈ શકે છે તેવા સંકેત સાથે જણાવ્યું હતું કે, અમારી ટીમ હવે સક્ષમ થઈ ગઈ છે હું આરામ કરવા માંગુ છું અને મારી જગ્યાએ ક્યારેય પણ મારા પરિવારમાંથી કોઈ નહિ આવે એની પણ ખાતરી આપું છું.



### હર્ષ સંઘવી ચા-પાણી પીવા માટે ઘરે આવ્યા'તાઃ નરેશ પટેલ

નરેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ચા-પાણી પીવા માટે મારા ઘરે આવ્યા હતા અને માત્ર સામાજિક ચર્ચાઓ જ થઈ છે આ સિવાયની કોઈપણ ચર્ચાઓ થઈ નથી.

### નરેશભાઈ પટેલની શુભેચ્છા મુલાકાતની હર્ષ સંઘવીની ઈચ્છા હતીઃ રમેશ ટીલાળા



### હાશકારોઃ દરરોજ 1 લાખ વાહનચાલકોને મળશે ટ્રાફિકમાંથી મુક્તિ



# હવે હું ફિટ છુંઃ સાંઢિયો પુલ

## 2 વર્ષથી ICUમાં રહેલા સાંઢિયા પુલને ડેપ્યૂટી CM હર્ષ સંઘવીએ કર્યો 'ડિસ્ચાર્જ' ફરી ઓનરોડ દોડ્યો




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટવાસીઓ લાંબા સમયથી જેની રાહ જોતા હતા તે નવનિર્મિત ફોરલેન સાંઢીયા પૂલનું ૧૩ જૂનને શનિવારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. કુલ રૂ. ૭૪.૩૨ કરોડનાં ખર્ચે બનેલા આ બ્રિજને ખુલ્લો મુક્યા બાદ હર્ષ સંઘવીએ મેયર સહિતના પદાધિકારીઓ સાથે ખુલ્લી જીપમાં સવારી કરી બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું. લોકાર્પણ સમયે ટ્રાફિક પોલીસે જનતાને પૂલના છેડે રોકી રાખવામાં આવી હતી. હર્ષ સંઘવી પૂલની વિઝિટ કરતા હોવાથી ટ્રાફિક રોકવામાં આવ્યો હતો. જોકે આ દ્રશ્યો જોઈને નાયબ મુખ્યમંત્રીએ ટ્રાફિક પોલીસને તાત્કાલિક ટ્રાફિક ખોલી નાખવા સૂચના આપી હતી. નવા ફોરલેન બ્રિજનું લોકાર્પણ થતા લોકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.રાજકોટનાં મેયર ડો. નેહલ શુક્લએ ચાર્જ સંભાળ્યાનાં બીજા દિવસે ૨૯ મેનાં રોજ આ બ્રિજની મુલાકાત લીધી હતી. જેમાં નવનિર્મિત બ્રિજની કામગીરીમાં વરસાદી પાણીના



નિકાલની વ્યવસ્થા નહીં હોવા સહિત કેટલીક ગંભીર ખામીઓ સામે આવી હતી. કરોડોના ખર્ચે બનેલા મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં ટેકનિકલ-ફિનિશિંગ સ્તરની ખામીઓ જોઈને મેયર ભારે નારાજ થયા હતા અને ઘટનાસ્થળે જવાબદાર અધિકારીઓની સાથે સાથે કોન્ટ્રાક્ટરનો કડક શબ્દોમાં ઉધડો લીધો હતો. એટલું જ નહીં વાહનચાલકોની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ થાય નહીં તે હેતુથી તમામ ખામીઓને તાત્કાલિક ધોરણે દૂર કરવા માટે કડક આદેશો આપ્યા હતા, જેને લઈ યુદ્ધના ધોરણે ખામીઓ પૂર્ણ કરવામાં આવી હતી. આજે આ બ્રિજ લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.રેલવે પોર્શનમાં હૈયાત જર્જરીત રેલવે ઓવરબ્રિજનું ડાયમંડ કર્ટિંગ પદ્ધતિ દ્વારા ૨-૨ કલાકના ક્રમિક ટ્રાફિક બ્લોક દરમિયાન ડિલોન્ચિંગ કામગીરી કરવામાં આવી છે, જેથી રેલવે ટ્રાફિકને કોઈ અડચણરૂપ ન થાય. નવો સાંઢિયા ફોર લેન બ્રિજ અત્યાધુનિક ડિઝાઈન અને ટેકનોલોજીથી બન્યો છે, તેની ઊંચાઈ ૬.૨૫ મીટર અને પહોળાઈ ૧૬.૪૦ મીટર (ફોર લેન) છે, જે ભવિષ્યની વાહનવ્યવહારની જરૂરિયાતોને ધ્યાને લઈ બનાવવામાં આવ્યો છે. માધાપર ચોકડી તરફ તેની લંબાઈ ૨૯૮ મીટર અને હોસ્પિટલ ચોક તરફ પણ ૨૯૮ મીટર છે. રેલવે ટ્રેક ઉપરનો સ્પાન ૩૬ મીટરનો છે, જે રેલવેના માર્ગદર્શન મુજબ ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ ફોર લેન બ્રિજનું લોકાર્પણ થવાથી હવે લાખો વાહનચાલકોને ટ્રાફિકની ગંભીર સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. આ પૂલ રાજકોટ-જામનગર રોડ પર ટ્રાફિકની અવરજવરને સરળ બનાવશે અને પ્રવાસનો સમય ઘટાડશે.

### એજ્યુકેશનમાં ખૂલ્લેઆમ વેપાર : વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલ

## ધોરણ 10-12 અને કોલેજમાં રૂપિયા આપી પાસ થવાની 100% ગેરંટી

# શિક્ષણનો બ્લેક ધંધો



## જૂનાગઢમાંથી કૌભાંડ પકડાયું 22 હજારથી 65 હજારમાં ડિગ્રીઓ અને માર્ક્સ વેચી રહ્યા છે

## વિદ્યાર્થીને ખાલી લખતા અને વાંચતા આવડે એટલે પાસ થવાનું ફાઈનલ

### કોલેજ ગયા વિના જ MBA કરાવી દેવાની ખાતરી

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢમાં શિક્ષણના નામે ચાલી રહેલા એક કથિત કાળા કારોબારનો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે કેટલીક ખાનગી એજન્સીઓ ધોરણ ૧૦, ધોરણ ૧૨ તેમજ કોલેજના વિવિધ કોર્સમાં વિદ્યાર્થીઓને "૧૦૦ ટકા પાસિંગ ગેરંટી" આપવાના દાવા કરી રહી છે. આ માટે વિદ્યાર્થીઓ પાસેથી રૂ.૨૨ હજારથી લઈને રૂ.૬૫ હજાર સુધીની રકમ વસૂલવામાં આવતી હોવાનું સામે આવ્યું છે.

તપાસમાં એવો પણ આક્ષેપ થયો છે કે વિદ્યાર્થીઓને નિયમિત કોલેજ કે શાળામાં હાજરી આપવાની જરૂર પડતી નથી. માત્ર પરીક્ષા સમયે હાજર રહીને વિવિધ ગેરરીતિઓના આધારે તેમને પાસ કરાવવાની ખાતરી આપવામાં આવે છે. સંચાલકો દ્વારા કેટલીક યુનિવર્સિટીઓ અને પરીક્ષા કેન્દ્રો સાથે ગોઠવણ હોવાના દાવા પણ કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

**પરીક્ષા દરમિયાન ગેરકાયદેસર મદદ, તૈયાર મટિરિયલ અને ગોઠવણના આધારે વિદ્યાર્થીઓને પાસ કરાવવાનો કથિત કારોબાર સામે આવ્યો**

આ કથિત નેટવર્ક માત્ર બી.એ., બી.કોમ. જેવા કોર્સ પૂરતું મર્યાદિત નથી, પરંતુ એમબીએ જેવા વ્યાવસાયિક કોર્સ માટે પણ પાસિંગ ગેરંટી સાથે પ્રવેશ અપાવવાની ઓફર કરી રહ્યું હોવાનું સામે આવ્યું છે. વિદ્યાર્થીઓને પરીક્ષા પૂર્વે તૈયાર મટિરિયલ, માર્ગદર્શન અને અન્ય સુવિધાઓ આપીને પાસ કરાવવાની વાતો ખુલ્લેઆમ કરવામાં આવી રહી છે.

સૌથી ગંભીર બાબત એ છે કે ધોરણ ૧૦ અને ૧૨ જેવી જાહેર પરીક્ષાઓમાં પણ ગેરરીતિ દ્વારા સફળતા અપાવવાના દાવા થઈ રહ્યા છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો તે રાજ્યની શિક્ષણ વ્યવસ્થા માટે ગંભીર ચિંતાનો વિષય બની શકે છે. હવે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ થાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

| પાસ કરાવવા ફ્રોડનું ફી માળખું |
|---|
| ધોરણ ૧૦ (CBSE)<br>ફી : ૨૨,૦૦૦ (૫ )<br>પરીક્ષા કેન્દ્ર : જૂનાગઢ |
| ધો.૧૨-આર્ટસ/કોમર્સ<br>ફી : ૨૫,૦૦૦<br>પરીક્ષા કેન્દ્રઃ જૂનાગઢ જિલ્લાનું કોઈ પણ કેન્દ્ર |
| ધો.૧૨ સાયન્સ<br>ફી : ૩૫,૦૦૦<br>પરીક્ષા કેન્દ્રઃ જૂનાગઢ જિલ્લો |
| ધો ૧૨ (નાપાસ વિદ્યાર્થીઓ માટે આર્ટસ/કોમર્સ)<br>ફી : ૨૩,૦૦૦<br>પરીક્ષા કેન્દ્ર : જૂનાગઢ જિલ્લામાં ૧૦ કિમીની અંદર |

| યુનિવર્સિટી કોર્સની ફી |
|---|
| BA<br>ફી : ૩૫,૦૦૦<br>પરીક્ષા કેન્દ્ર : સુરેન્દ્રનગર યુનિ. |
| MBA<br>ફી : ૬૫,૦૦૦ (૨ )<br>પરીક્ષા પદ્ધતિ : કોલેજ ગયા વગર સીધી જ પરીક્ષા |

### સાળંગપુર હનુમાનજી મૂર્તિના કોપીરાઈટ વિવાદે પકડ્યો વેગ

# હનુમાનજીની મૂર્તિ પર કોઈનો માલિકીનો હક નથી : સંત સમાજ

**દેવી-દેવતાઓના સ્વરૂપ અને નામ પર કોઈ વ્યક્તિ સંસ્થા કે સંપ્રદાય વિશેષનો અધિકાર હોઈ શકે નહીં**

**સનાતન ધર્મના આરાધ્ય દેવી દેવતાઓને કોઈ સંસ્થા કે સંપ્રદાયની માલિકી તરીકે રજૂ કરવાનો પ્રયાસ યોગ્ય નથી : જ્યોતિર્નાથ મહારાજ**






**સિટી ન્યૂઝ@રાજકોટ**

બોટાદ જિલ્લાના પ્રસિદ્ધ સાળંગપુર ધામમાં સ્થાપિત ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની ભવ્ય પ્રતિમા 'કિંગ ઓફ સાળંગપુર' ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. અગાઉ ભીંતચિત્રોને લઈને ચર્ચામાં રહેલી આ પ્રતિમા હવે ટ્રેડમાર્ક અને કોપીરાઈટ (Salangpur Hanumanji Controversy) મુદ્દે સાધુ-સંતો અને ધાર્મિક આગેવાનોના વિરોધનો સામનો કરી રહી છે.

મૂર્તિ અને તેના નામ સાથે સંકળાયેલા કાનૂની હકો અંગે લેવાયેલા નિર્ણયોને લઈને ગુજરાતભરના અનેક સંતો અને અખાડાઓએ ખુલ્લો વિરોધ નોંધાવ્યો છે. તેમનું માનવું છે કે દેવી-દેવતાઓના સ્વરૂપ અને નામ પર કોઈ વ્યક્તિ, સંસ્થા કે સંપ્રદાય વિશેષનો અધિકાર હોઈ શકે નહીં.

મહામંડલેશ્વર અખિલેશ્વર દાસજીએ આ મુદ્દે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે ભગવાન અને દેવી-દેવતાઓ સમગ્ર સૃષ્ટિના છે. તેમના દિવ્ય સ્વરૂપ પર કોઈ પ્રકારનો કોપીરાઈટ અથવા વિશેષ અધિકાર લાગુ પડી શકે નહીં. તેમણે ભારપૂર્વક કહ્યું કે આસ્થા અને ભક્તિ સાથે જોડાયેલા પ્રતિકોને કાનૂની માલિકીના દાયરામાં જોવું યોગ્ય નથી.

રાજકોટના ધાર્મિક આગેવાન બાબા જ્યોતિર્નાથ મહારાજે પણ આ મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. તેમના મતે સનાતન ધર્મના આરાધ્ય દેવતાઓને કોઈ સંસ્થા કે સંપ્રદાયની માલિકી તરીકે રજૂ કરવાનો પ્રયાસ યોગ્ય નથી. તેમણે જણાવ્યું કે આવા નિર્ણયો સનાતન પરંપરાની ભાવનાઓને ઠેસ પહોંચાડી શકે છે.

જૂનાગઢ સ્થિત ખાખીમઢી આશ્રમના મહંત સુખરામદાસ બાપુએ પણ આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ભગવાનના સ્વરૂપને કોપીરાઈટ સાથે જોડવાની વિચારધારા ધાર્મિક પરંપરાઓ અને આસ્થાની ભાવનાઓને અનુકૂળ નથી.

ગુજરાતના અનેક સાધુ-સંતો અને ધાર્મિક આગેવાનોની માંગ છે કે મૂર્તિ અને તેના નામને લઈને લેવામાં આવેલા કાનૂની નિર્ણયો અંગે સ્પષ્ટતા કરવામાં આવે અને વિવાદાસ્પદ પગલાં પર પુનર્વિચાર કરવામાં આવે. સંત સમાજે ચેતવણી આપી છે કે જો તેમની લાગણીઓને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો આગામી સમયમાં વધુ ઉગ્ર વિરોધ કાર્યક્રમો પણ જાહેર થઈ શકે છે.

સાળંગપુર ધામ દેશભરમાં લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. તેથી આ મુદ્દો માત્ર કાનૂની જ નહીં પરંતુ ધાર્મિક અને સામાજિક ચર્ચાનો વિષય પણ બની ગયો છે. હવે આગામી દિવસોમાં મંદિર પ્રશાસન, સંત સમાજ અને સંબંધિત પક્ષો તરફથી શું પગલાં લેવાય છે તેના પર સૌની નજર છે.




## FSSAIએ નેસ્લે, KFC અને ફ્લિપકાર્ટને નોટિસ મોકલી






- KFCને નોટિસ કેમ તો સ્વચ્છતામાં નબળી ગુણવત્તા
- ફ્લિપકાર્ટને નોટિસ કેમ તો ખજુરના એક પેકેટમાં કીડા મળવાની ફરિયાદ
- નેસ્લેને નોટિસ કેમ મેગીના પેકેટમાં કીડા (લાર્યા) મળવાની ફરિયાદ

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણએ સોશિયલ મીડિયા પર આવેલી ફરિયાદો બાદ કાર્યવાહી કરતા નેસ્લે સહિતની ઘણી મોટી કંપનીઓને કારણ બતાવો નોટિસ જારી કરી છે. નેસ્લેને આ નોટિસ તેની સૌથી લોકપ્રિય પ્રોડક્ટ મેગીના એક પેકેટમાં કીડા (લાર્વા) મળવાની ફરિયાદ બાદ આપવામાં આવી છે. FSSAIએ આ મામલે કંપનીને તાત્કાલિક એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. FSSAIએ સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી અન્ય ફરિયાદો પર પણ કાર્યવાહી કરતા સ્વચ્છતા (સાફ-સફાઈ) સંબંધિત મુદ્દાઓને લઈને ફાસ્ટ-ફૂડ ચેઈન KFCને પણ નોટિસ આપી છે. આ ઉપરાંત, ખજૂરના એક પ્રોડક્ટમાં કીડા મળવાની ફરિયાદ પર ફ્લિપકાર્ટ ઈન્ડિયા અને ઓપન સિક્રેટ કંપનીને પણ રેગ્યુલેટરે જવાબ આપવા જણાવ્યું છે.

નેસ્લેએ સૌ પ્રથમ તે ખાસ બેચ (ગ્રુપ) શોધવો પડશે, જેમાં ગડબડીની ફરિયાદ મળી છે. કંપનીએ જણાવવું પડશે કે આ બેચનો કાચો માલ કયા વિક્રેતા પાસેથી આવ્યો હતો અને પેકેટ ગ્રાહકો સુધી પહોંચતા પહેલા કંપનીની અંદર તેની ગુણવત્તાની જે તપાસ થઈ હતી, તેના સંપૂર્ણ રેકોર્ડ (કાગળિયાં) રજૂ કરવા પડશે.

કંપનીએ સાબિત કરવું પડશે કે ફરિયાદવાળી બેચ અથવા સંભવિત રીતે પ્રભાવિત સ્ટોકને બજાર અને સપ્લાય ચેઈનમાંથી હટાવવા માટે તેણે તાત્કાલિક કયા સુધારાત્મક પગલાં લીધાં છે, જેથી તે ગ્રાહકો સુધી ન પહોંચે. રેગ્યુલેટરે નેસ્લે પાસેથી તે સિસ્ટમેટિક ફેરફારો અને પગલાંની રૂપરેખા માંગી છે જે કંપની તેની ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયામાં કરવા જઈ રહી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય. મેગી નૂડલ્સ નેસ્લે ઈન્ડિયાના સૌથી મોટા અને વ્યાવસાયિક રીતે અત્યંત મહત્વપૂર્ણ બ્રાન્ડ્સમાંથી એક છે.

## FSSAIની મોટી કાર્યવાહી
## ફૂડ પેકેટ્સમાં મેટલ પિન-તારના ઉપયોગ પર પ્રતિબંધ



ખાદ્ય સુરક્ષા નિયમનકાર FSSAI એ ખાદ્ય પદાર્થોના પેકેજિંગ અંગે એક મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરી છે. FSSAI એ દેશભરના તમામ ખાદ્ય વ્યવસાય સંચાલકોને ખાદ્ય પદાર્થો અને તેમના પેકેજિંગમાં ધાતુની પિન, વાયર અથવા આવી કોઈપણ સામગ્રીનો ઉપયોગ તાત્કાલિક બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. FSSAI ના જણાવ્યા મુજબ, તેમના ધ્યાનમાં આવ્યું છે કે ખાદ્ય વ્યવસાય સંચાલકો સુશોભન કેક બનાવવા અને ફૂડ પેકેટ, કેક બોક્સ, મીઠાઈના બોક્સ, નાસ્તાના પાઉચ અને ટેકઅવે ફૂડ પાર્સલ સીલ કરવા માટે ધાતુ અથવા સ્ટેપલર પિન અને વાયરનો ઉપયોગ કરી રહ્યા છે. કેક અને ફૂડ પેકેજોમાં સ્ટેપલર પિન જડેલી અથવા અટવાયેલી મળી આવી હોવાના ઘણા કિસ્સાઓ નોંધાયા છે. નિયમનકાર જણાવે છે કે આ ખાદ્ય સલામતી માટે ગંભીર જોખમ ઊભું કરે છે કારણ કે આ પિન આકસ્મિક રીતે ખોરાક સાથે લોકોના પેટમાં જતી રહે છે. જે ઈજા અને સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડવાનું નોંધપાત્ર જોખમ ઊભું કરે છે.

### આ નિર્દેશ શેના પર લાગુ થશે?

એડવાઈઝરી મુજબ, આ નિર્દેશ તમામ પ્રકારના ખોરાક અને પેકેજિંગ પર લાગુ પડે છે. આમાં ફૂડ પાર્સલ, ટેકઅવે ભોજન, બેકરી ઉત્પાદનો, કેક બોક્સ, મીઠાઈના બોક્સ અને નાસ્તાના પેકેટનો સમાવેશ થાય છે. આનો અર્થ એ છે કે કોઈપણ વ્યવસાય કોઈપણ ખાદ્ય વસ્તુને સીલ કરવા, બાંધવા અથવા પેક કરવા માટે મેટલ પિન અથવા વાયરનો ઉપયોગ કરી શકશે નહીં.

## મધ્યપ્રદેશના નાગૌડ રાજવી પરિવારની સનસનાટીભરી ઘટના



# રાજવી પરિવારમાં પ્રેમ પ્રકરણમાં ખૂની ખેલ : રાજાની પત્ની પર ગર્લફ્રેન્ડનો ગોળીબાર

### રાજવી પરિવારના રૂપેન્દ્રસિંહની પત્ની યોગિતાબાનું પ્રેમિકા સુનિતાએ પરિવારને તોડી નાંખ્યું હતુંઃ રૂપેન્દ્રસિંહ ભાજપના ધારાસભ્ય નાગેન્દ્રસિંહના ભત્રીજા થાય

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

૧૧ જૂન, ૨૦૨૬, બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ. અચાનક, મધ્યપ્રદેશના નાગૌડમાં આવેલા પારસમણીયા ગઢીમાં ગોળીબારનો અવાજ સંભળાયો. થોડીવાર માટે અંધાધૂંધી છવાઈ ગઈ. લોકો બહાર દોડી આવ્યા. લોહીથી લથપથ એક મહિલાને હોસ્પિટલમાં લઈ જવામાં આવી.ઘાયલ મહિલા બીજું કોઈ નહીં પણ નાગૌડ રાજવી પરિવારની પુત્રવધૂ યોગિતા સિંહ છે. તે ભાજપના ધારાસભ્ય નાગેન્દ્ર સિંહના ભત્રીજા અને નાગૌડ રાજવી પરિવારના સભ્ય, રુપેન્દ્ર સિંહ ઉર્ફે બાબા રાજાની પત્ની છે.પોલીસે સુનિતા પરિહાર પર ગોળીબાર કરવાના આરોપમાં તેની ધરપકડ કરી છે. ધરપકડ દરમિયાન તે પોલીસ સ્ટેશનમાં હસતી જોવા મળી હતી. સુનિતા રુપેન્દ્ર સિંહની ગર્લફ્રેન્ડ હોવાનું કહેવાય છે, જેની સાથે તે છેલ્લા ૬-૭ વર્ષથી રિલેશનશિપમાં હોવાનું કહેવાય છે. પ્રશ્ન એ છે કે કિલ્લાની અંદર એવું શું બન્યું જેના કારણે ગોળીબાર થયો. રિપોર્ટ વાંચો...રુપેન્દ્ર સિંહના જીવનમાં સુનિતાનું આગમન પરિવારને તોડી નાખે છે.યોગિતા સિંહ રાજકારણમાં સક્રિય છે અને પારસમણીયા ગામના સરપંચ તરીકે સેવા આપી ચૂક્યા છે. થોડા વર્ષો પહેલા સુધી, યોગિતા અને રૂપેન્દ્ર સિંહનું લગ્નજીવન સામાન્ય હતું. તેમને ૨૦ વર્ષનો એક પુત્ર છે.લગભગ સાત વર્ષ પહેલાં પરિસ્થિતિ બદલાવાની શરૂઆત થઈ હતી. પરિવારના સભ્યોનો દાવો છે કે આ સમય દરમિયાન સુનિતા પરિહારે રૂપેન્દ્ર સિંહના જીવનમાં પ્રવેશ કર્યો હતો. આ પછી, દંપતી વચ્ચેના સંબંધો વધુને વધુ તણાવપૂર્ણ બન્યા, અને તકરાર વધતી ગઈ.શરૂઆતના ત્રણથી ચાર વર્ષ સુધી, રૂપેન્દ્ર સિંહ અને સુનિતા સતનાના લોટસ સિટીમાં એક ફ્લેટમાં સાથે રહેતા હતા. યોગિતા તેના પુત્ર સાથે પારસમનિયા ગઢીમાં રહેતી હતી. આ સમય દરમિયાન, રૂપેન્દ્રે મોટાભાગનો સમય સુનિતા સાથે વિતાવ્યો, જેના કારણે તેમના સંબંધોમાં વધુ તિરાડ પડી.યોગિતાની માતા નરેન્દ્ર કુમારીએ આરોપ લગાવ્યો છે કે ત્રણ વર્ષ પહેલાં બાબા રાજાના પિતાનું અવસાન થયા પછી, સુનિતા પારસમનિયા ગઢી રહેવા ગઈ હતી. જેના કારણે યોગિતા, રૂપેન્દ્ર અને સુનિતા વચ્ચે તકરાર શરૂ થઈ.પરિસ્થિતિ એટલી વિકટ બની ગઈ કે યોગિતાને ગઢી છોડીને નાગોદ કિલ્લામાં તેના ઘરમાં રહેવાની ફરજ પડી. પરિવારે સમાધાન માટે ઘણી વાર પ્રયાસ કર્યો, પરંતુ દરેક વખતે વાતચીત નિષ્ફળ ગઈ.યોગિતાના માતા-પિતા રાજસ્થાનના ઉદયપુરમાં રહે છે. તેમનો પરિવાર રાજવી પરિવાર સાથે પણ જોડાયેલો છે. પરિવારને આશા હતી કે તેમના વૈવાહિક વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા આવી શકે છે. યોગિતાના માતા-પિતા, ભાઈ અને અન્ય સંબંધીઓ આ હેતુ માટે ઉદયપુરથી નાગૌડ ગયા હતા.ગુરુવારે, બધા પારસમનિયા ગઢી પહોંચ્યા, જ્યાં રૂપેન્દ્ર અને સુનિતા પહેલેથી જ હાજર હતા. શરૂઆતમાં, વાતાવરણ શાંત હતું. વાતચીત શાંતિથી શરૂ થઈ, પરંતુ થોડા સમય પછી, જૂના વિવાદોને કારણે દલીલ શરૂ થઈ. પરિસ્થિતિ ઝડપથી અસ્તવ્યસ્ત બની ગઈ. યોગિતાની માતા નરેન્દ્ર કુમારીએ ગંભીર આરોપો લગાવ્યા છે. તેમનું કહેવું છે કે દલીલ દરમિયાન રૂપેન્દ્રે યોગિતાને રૂમમાંથી બહાર ધકેલી દીધી અને દરવાજો બંધ કરી દીધો. ત્યારબાદ સુનિતા પરિહારે બારીમાંથી ગોળીબાર કર્યો.નરેન્દ્ર કુમારીના જણાવ્યા મુજબ, કુલ નવ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આમાંથી એક ગોળી યોગિતાના પેટમાં વાગી હતી, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને જમીન પર પડી ગઈ હતી. નરેન્દ્ર કુમારીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ગોળીબાર દરમિયાન રૂપેન્દ્ર ઘટનાસ્થળે હાજર હતો અને સુનિતાને ઉશ્કેરી રહ્યો હતો.

■ પોલીસ-મનપાના અધિકારીઓની ભૂંડી ભૂમિકા

# 'ભૂતિયા' ડિમોલિશન કાંડ





## 'ભાજપ' ડેમેજ થાય તે પહેલા કમિશનરને દિલ્હીનું તેડું

## PMO ની એન્ટ્રીથી ગાંધીનગરથી દિલ્હી સુધી ફફડાટ

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના વેડરોડ નાસીરનગર વિસ્તારમાં થયેલા વિવાદાસ્પદ અને ગેરકાયદે થયેલા 'ભૂતિયા' ડિમોલિશનનો મામલો હવે સ્થાનિક કક્ષાએથી નીકળીને દેશના સર્વોચ્ચ વહીવટી કેન્દ્ર સુધી પહોંચી ગયો છે. આ કેસમાં હવે સીધી વડાપ્રધાન કાર્યાલય (PMO)ની નજર મંડાતા સમગ્ર રાજ્યના વહીવટી તંત્રમાં ભૂકંપ આવી ગયો છે. ગુજરાતનો શહેરી વિકાસ વિભાગ પણ આ સમગ્ર પ્રકરણ પર પળેપળની નજર રાખી રહ્યો છે.

આ દરમિયાન જ સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન અચાનક જ તમામ સરકારી કાર્યક્રમો પડતા મૂકીને દિલ્હી પહોંચી જતાં સચિવાલયથી લઈને મનપાના ગલિયારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હીથી સીધું તેડું આવતા કમિશનરને તાબડતોબ દોડવું પડ્યું છે. હવે જોવાનું એ રહ્યું કે, શું મોટા માથાઓ સામે કડક પગલાં લેવાશે ? આ સમગ્ર વિવાદના મૂળમાં નાસીરનગરની બાજુમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી જમીન અને તેના પર બનનારો બિલ્ડરોનો મેગા પ્રોજેક્ટ છે. બિલ્ડરો આ જગ્યા પર આલીશાન પ્રોજેક્ટ બનાવવા માંગે છે, પરંતુ કાયદાકીય મુજબ જ્યાં સુધી ત્યાં જવાનો મુખ્ય રસ્તો ખુલ્લો ન થાય ત્યાં સુધી તેમનો પ્લાન પાસ થઈ શકે તેમ નહોતો. બિલ્ડરોએ આજથી એક વર્ષ પહેલાં પણ આ પ્રોજેક્ટના પ્લાન મંજૂરી માટે મનપામાં લિટમસ ટેસ્ટ કર્યો હતો, પરંતુ તે સમયે પણ મનપા તંત્રએ સ્પષ્ટ કહી દીધું હતું કે "પ્રોપર રસ્તા વગર પ્લાન મંજૂર નહીં થાય." હાલમાં પણ બિલ્ડરની પીવીસી (PVC)ની ફાઈલ આ રસ્તાના વાંકે જ અટકેલી પડી છે. આથી, પોતાના પ્રોજેક્ટનો રસ્તો ચોખ્ખો કરવા અને કરોડોની કમાણી કરવા માટે બિલ્ડરોએ ગરીબોના આશિયાના ઉજ્જડ કરવાનો આ આખો 'ભૂતિયા ડિમોલિશન' નો કારસો રચ્યો હતો.



## ‘ગોડઝિલા અલનીનો’નો ખતરો વરસાદ ઘટવાની નવી ચેતવણી

# ગુજરાતમાં ચોમાસું ‘ડગુમગુ’ હજુ ‘રાહ’ જોઓ !

**રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ પડી શકે છે કેટલાક ભાગોમાં અછત અનુભવાઈ શકે છે**



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત મોડી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન નિષ્ણાતોનું માનવું છે કે પ્રશાંત મહાસાગરમાં સર્જાઈ રહેલી અસામાન્ય પરિસ્થિતિઓના કારણે 'ગોડઝિલા અલ નીનો' જેવી સ્થિતિ વિકસી રહી છે, જે દેશના અનેક વિસ્તારો સહિત ગુજરાતના ચોમાસા પર પણ અસર કરી શકે છે.

જો આ આગાહી સાચી સાબિત થાય છે, તો તેની સીધી અને અત્યંત ગંભીર અસર દેશના લાખો ખેડૂતો, ગ્રામીણ અર્થતંત્ર અને શહેરી પાણી પુરવઠા પર પડશે. વૈશ્વિક હવામાન કેન્દ્રો દ્વારા તૈયાર કરાયેલા મલ્ટી-મોડેલ હવામાન નકશા અનુસાર, આ વર્ષે દેશના પશ્ચિમ-મધ્ય ભાગોમાં સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે ઓછો વરસાદ પડવાની સંભાવના છે.

ગુજરાત માટે ચિંતાનો વિષય એ છે કે રાજ્યમાં ચોમાસાની શરૂઆત મોડી થઈ શકે છે. સાથે જ વરસાદ અસમાન રહેવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ પડી શકે છે, જ્યારે કેટલાક ભાગોમાં વરસાદની અછત અનુભવાઈ શકે છે. આ સ્થિતિ કૃષિ ક્ષેત્ર માટે પડકારરૂપ બની શકે છે, કારણ કે ખેડૂતોનું આયોજન મોટા ભાગે સમયસર અને સંતુલિત વરસાદ પર આધારિત હોય છે.છેલ્લા કેટલાક સમયથી અલ નીનોની અસર અંગે નિષ્ણાતો સતત નજર રાખી રહ્યા છે. નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) સહિત વિવિધ આંતરરાષ્ટ્રીય હવામાન સંસ્થાઓએ ચેતવણી આપી છે કે આ વર્ષે અલ નીનો વધુ પ્રબળ સ્વરૂપ ધારણ કરી શકે છે. તેના કારણે ચોમાસાની ગતિ અને વરસાદના પ્રમાણમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળી શકે છે.નિષ્ણાતોના મતે, 'ગોડઝિલા અલ નીનો' તરીકે ઓળખાતી પરિસ્થિતિ સામાન્ય અલ નીનો કરતાં વધુ અસરકારક માનવામાં આવે છે.

અગાઉ પણ વિશ્વભરમાં તેની અસર જોવા મળી હતી. હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે અલ નીનોની અસર વધે ત્યારે ભારતના અનેક વિસ્તારોમાં વરસાદની અનિશ્ચિતતા વધે છે અને કેટલાક પ્રદેશોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાઈ શકે છે. પ્રશાંત મહાસાગરમાં પ્રવર્તમાન પરિસ્થિતિએ ચિંતા વધારી છે. નિષ્ણાતો સતત આબોહવાની ગતિવિધિઓનું નિરીક્ષણ કરી રહ્યા છે અને આગામી દિવસોમાં વધુ સ્પષ્ટ ચિત્ર સામે આવવાની શક્યતા છે. હાલ માટે હવામાન વિભાગ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

## મધ્યપ્રદેશમાં વાવાઝોડા અને વરસાદથી 4ના મોત દિલ્હીમાં વરસાદ શરૂ




દિલ્હીમાં શનિવારે સવારે વરસાદને કારણે ઘણી ફ્લાઇટ્સ મોડી પડી. ઈન્ડિગો એરલાઈન્સે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે- ખરાબ હવામાનને કારણે ફ્લાઇટ્સના સમય પર અસર પડી છે. અમે હવામાન પર સતત નજર રાખી રહ્યા છીએ.મધ્ય પ્રદેશના શ્યોપુર જિલ્લામાં શુક્રવારે વાવાઝોડા-વરસાદને કારણે થયેલા અકસ્માતોમાં ૪ લોકોના મોત થયા. તેમાંથી ૩ એક જ પરિવારના હતા.યુપીના હાથરસમાં કોતવાલી સદરમાં પાણી ભરાઈ ગયું. રસ્તાઓ ડૂબી ગયા. શનિવારે સવારે લખનઉમાં ભારે વાવાઝોડું આવ્યું, દિવસ દરમિયાન અંધારું છવાઈ ગયું. આજે ૫૪ જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાઈ શકે છે.

### જંગલમાં ગેરરિતીનો વિસ્ફોટ : PM-CM સુધી મામલો પહોંચ્યો

# ગીરના જંગલમાં 'ગરબડ'ની ગુંજ દિલ્હી સુધી પહોંચી ફરિયાદ

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગીર જંગલ અને તેની આસપાસના વિસ્તારોમાં પર્યાવરણીય નિયમોના ઉલ્લંઘનનો મોટો વિવાદ સામે આવ્યો છે. અમરેલી જિલ્લાના ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળના વિસ્તારોમાં કથિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને વિવાદાસ્પદ મંજૂરીઓને લઈને ગુજરાત રાજ્ય વન્યજીવન બોર્ડના વર્તમાન અને પૂર્વ સભ્યો તેમજ પર્યાવરણ પ્રેમીઓએ મોરચો માંડ્યો છે. ગીરના સંરક્ષણ બાબતે ચિંતા વ્યક્ત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓને લેખિત પત્ર પાઠવી આ સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે.




## માઈનિંગની મંજૂરી અને ગેરકાયદે રિસોર્ટ અંગે PM-CMને પત્ર લખી ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી

આ ગંભીર મુદ્દે અવાજ ઉઠાવનારાઓમાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફના પૂર્વ સભ્ય અને જાણીતા વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ભૂષણ પંડ્યા, સ્નેહલ પટેલ - નેચર ક્લબ સુરત, એડવોકેટ રોહિત વ્યાસ, સી.ટી. રાણા, સુરેશ ભટ્ટ, સંજય કેલેચા અને રેવતુભા રાયજાદા સહિતના પર્યાવરણવિદો સામેલ છે. તેમણે ગીરમાં સિંહોના અસામાન્ય અને ચિંતાજનક અપમૃત્યુ તેમજ જંગલના હિતને નુકસાન પહોંચાડતા નિર્ણયો સામે સત્વરે સુધારાત્મક પગલાં લેવા અનુરોધ કર્યો છે.

જાફરાબાદ તાલુકાના બાબરકોટ રિઝર્વ ફોરેસ્ટની અંદાજે ૭૫ હેક્ટર જમીનને ખાણકામ માટે ડાયવર્ટ કરવાની દરખાસ્ત સામે સખત વિરોધ નોંધાવાયો છે. આ વિસ્તારમાં ૫,૫૦૦થી વધુ વૃક્ષો આવેલા છે, જે ખાણકામની મંજૂરી મળતાં જ કાપી નાખવામાં આવશે. આ વિસ્તાર ૫૦થી વધુ સિંહો સહિત અનેક શેડ્યૂલ-૧ વન્યજીવોનું કુદરતી રહેઠાણ છે અને તે ગીરના મહત્વપૂર્ણ 'સિંહ કોરિડોર' તરીકે ઓળખાય છે. ખાણકામથી વન્યજીવોનું રહેઠાણ છીનવાઈ જશે.

### નિવૃત વન અધિકારી અશોકકુમાર શર્માએ કહ્યું

# સિંહો માટે ઈન્દિરા ગાંધીએ ડેમનો પ્રોજેક્ટ રદ્દ કરાવ્યો હતો

## રિસોર્ટ ચારેબાજુ હવે સિંહોનું સુરક્ષિત સ્થળ શોધવું જરૂરી

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**



ભારતીય ફોરેસ્ટ સર્વિસની ૧૯૭૮ની બેચના અને ૨૦૧૩માં રિટાયર્ડ થયેલા આ એ અધિકારી છે જેમના શિરે એક સમયે આખા ગુજરાતના વનવિભાગની જવાબદારી હતી. બેબેસિયા વાયરસથી સિંહના થયેલા મોતના આંકડાથી વનવિભાગ વિવાદમાં સપડાયો છે ત્યારે આ નિવૃત્ત અધિકારીએ વનવિભાગ અને સરકારની નીતિની ઝાટકણી કાઢી છે.

આ નિર્ણયનો દુરૂપયોગ થવાનો ડર વ્યક્ત કરતાં તેમણે કહ્યું, એકવાર જે કોઈ બહાર વસવાટ કરવા માટે જતું રહ્યું છે તેને ફરીથી અંદર વસવાટ કરવા માટે કોઈ અધિકારીએ મંજૂરી ન આપવી જોઈએ. અધિકારી પાસે આવા કોઈ પાવર નથી. આ તો એક રીતે યોજનાને પલટાવી દેવામાં આવી છે. આવામાં જે માલધારીઓ બહાર રહે છે તે પણ મંજૂરી માંગશે કે અમને પણ અંદર રહેવા દેવામાં આવે. આવું ક્યાં સુધી ચાલતું રહેશે? આમ ને આમ તો ગીર ખતમ થઇ જશે. એ સમયે કરેલી બધી જ મહેનત પર પાણી ફરી જશે.

થોડા દિવસો પહેલાં વન મંત્રી અર્જુન મોઢવાડિયાને જ્યારે રાજભાને અપાયેલી મંજૂરી અંગે સવાલ પૂછાયો ત્યારે તેમણે માઇક કાઢીને ચાલતી પકડી હતી અને કંઈપણ બોલવાનું ટાળ્યું હતું. આ ઘટના અંગે તેમણે કહ્યું કે, મને લાગે છે કે આ ઘટનામાં મંત્રી અને પોલિટિકલ વ્યકિત એટલા માટે નથી બોલી રહ્યાં કેમ કે તેમને વોટ બેંક સંભાળવાની છે. માલધારીઓની મોટી વોટ બેંક છે. આ નિર્ણય પોલિટિકલ પ્રેશરમાં લેવાયો હોય તેમ લાગી રહ્યું છે.

### સિંહ કોરિડોરમાં વિસ્ટાડોમના આયોજન અંગે સરકારને પૂછ્યું

# સિંહોના મોતથી હાઈકોર્ટ ચિંતિત!

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે વર્ષ ૨૦૧૮માં ગુજરાતમાં એશિયાટિક સિંહોના અપમૃત્યુને લઈને સમાચાર સંસ્થાઓના અહેવાલને આધારે સુઓ મોટો પિટિશન હાથ ધરી હતી. જે મુદ્દે આજે ૧૨ જૂને હાઈકોર્ટના ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ ડી.એન.રેની બેન્ચ સમક્ષ વધુ સુનવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે સિંહોના બિમારીથી મૃત્યુના સમાચાર અંગે ચિંતા વ્યક્ત કરતા તેને અપ્રિય સમાચાર કહ્યા હતાં. વળી સિંહ કોરિડોરમાં સિંહ દર્શન માટે રેલવેમાં વિસ્ટાડોમ કોચ જોડવાના સરકારના આયોજન ઉપર સરકારી વકીલને પૂછ્યું હતું.

સરકારી વકીલોએ જણાવ્યું હતું કે, સિંહોના વસવાટના વિસ્તારોમાં રેલવે લાઇન ઉપર ઇન્ટ્રુશન ડિટેક્શન ડીવાઈસ લગાવવાની કામગીરી ચાલી રહી છે, જે ઓગસ્ટ મહિનામાં પૂર્ણ થઈ જશે. આ ડીવાઈસ લાગી જતા રેલવે ટ્રેકના ૧૫ મીટરના વિસ્તારોમાં સિંહોની હલન ચલન ખબર પડતા, અકસ્માત ટાળી શકાશે.

સિંહ કોરીડોરમાં રેલવે લાઇનને બ્રોડગેજમાં ફેરવવાનો નિર્ણય પડતો મુકાયો છે. વળી સિંહ કોરિડોરમાં અંડરપાસ પણ પ્રિ મોન્સુન કામગીરીને લઈને સાફ કરાઈ રહ્યા છે. કોર્ટે રેલવે અને જંગલ ખાતાની સંયુક્ત કમિટી દ્વારા રીપોર્ટ રજૂ કરવા પણ નિર્દેશ આપ્યા છે.

# ડેનિમ ફરી ટ્રેન્ડમાં



## ડેનિમનો સાડીનો ક્રેઝ

સિટી ન્યૂઝ@મુંબઈ

આપણે જ્યારે પણ કોઈ લગ્ન, તહેવાર કે ખાસ પ્રસંગે તૈયાર થવાનું વિચારીએ ત્યારે પહેલો ખ્યાલ સાડીનો જ આવે. દર વખતે એ જ સિલ્ક, નેટ કે શિફોન સાડી પહેરીને કંટાળી ગયા હો તો ફેશનવર્લ્ડમાં કંઈક નવું ટ્રાય કરવાનો આ બેસ્ટ સમય છે. માધુરી દીક્ષિતે તાજેતરમાં ડેનિમ સાડી પહેરી હતી. ટ્રેન્ડી ડેનિમ ફેબ્રિક પર પરંપરાગત વર્ક સાથેની આ સાડી ક્લાસિક અને મૉડર્ન લુકનું પર્ફેક્ટ કૉમ્બિનેશન છે.માધુરીએ કસ્ટમાઇઝ્ડ કરેલી ગ્રે-બ્લુ ટોનની સાડીમાં ટિશ્યુ એપ્લિક સ્ટાઇલનું એમ્બ્રૉઇડરી વર્ક છે જે ડેનિમને ડેલિકેટ બનાવે છે. સાડીને કૉમ્પ્લિમેન્ટ કરવા માટે તેણે ગ્રે કલરનું સ્લીવલેસ મૅચિંગ બ્લાઉઝ પહેર્યું છે અને એમાં પણ આ જ પ્રકારનું એમ્બ્રૉઇડરી વર્ક છે.

## સઈ માંજરેકર હોરર ફિલ્મ ઈકાઈમાં દેખાશે



સિટી ન્યૂઝ@મુંબઈ

સઇ માંજરેકર હવે રાઘવ જુયાલ સાથે બિલકુલ નવા જોનરની ફિલ્મમાં અને તીવ્ર લાગણીઓ સાથેની ફિલ્મમાં કામ કરવાની છે. તે મસાલા ફિલ્મોથી લઈને હવે ધીરે ધીરે પર્ફોર્મન્સ ડ્રિવન રોલ તરફ આગળ વધી રહી છે. તેણે કહ્યું કે આ ફિલ્મે તેની પાસેથી ઘણું માગ્યું છે અને તેની ફિલ્મી કૅરિઅરનો સોથી મહત્વનો અનુભવ રહ્યો છે.આ ફિલ્મ અંગેના અનુભવ વિશે સઇ કહે છે, ’મેં અત્યાર સુધીમાં કામ કર્યું છે એમાં ઇકાઈ સૌથી વધુ પડકારજનક ફિલ્મ રહી છે.આ ફિલ્મમાં મારે ઇમોશનલી અને સાઇકોલોજિકલી ઘણું આપવું પડ્યું છે. એવા ઘણા સીન હતા, જેમાં પ્રક્રિયા દરમિયાન મારે મારી જાતને ખરેખર મારા કમ્ફર્ટઝોનમાંથી બહાર ધકેલવી પડી હતી કારણ કે ઘણા સીનમાં બહુ જ વાસ્તવિક અને તીવ્ર લાગણીઓ રજુ કરવાની હતી.’ આગળ તેણે કહ્યું, ’એક એક્ટર તરીકે તમે હંમેશા તમારી જાતને વધુ પડકારવા માગો છો અને તમે પહેલાં ક્યારેય નથી કર્યું એવું કામ કરો અને આ ફિલ્મે મારી પાસે એવું જ કામ લીધું છે.

## ડેમિન મેકર્સ સ્કર્ટ વધુ સ્ટાઈલીશ બન્યા



ફેશનની દુનિયામાં ટ્રેન્ડ્સ વારંવાર પાછા આવે છે, પરંતુ દરેક વખતે તે નવા સ્વરૂપમાં દેખાય છે. હાલમાં એવી જ એક ફ ે શ ન આઇટમ ફરી ચર્ચામાં છે, જે ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકામાં ખૂબ લોકપ્રિય હતી. હા, આપણે વાત કરી રહ્યા છીએ ડેનિમ મૅક્સી સ્કર્ટની. આ વખતે તેનો અવતાર પહેલાં કરતાં ઘણો અલગ અને વધુ સૉફિસ્ટિકેટેડ છે.થોડાં વર્ષો પહેલાં સુધી ડેનિમ સ્કર્ટની વાત આવે એટલે લોકોના મનમાં ઘૂંટણ સુધીનું અથવા મિની સ્કર્ટની જ છબી ઊભી થતી, પરંતુ હવે પગની ઘૂંટી સુધી અથવા તો જમીનને લગભગ અડતું ડિઝાઇનનું ડેનિમ મૅક્સી સ્કર્ટ ફેશન-લવર્સનું નવું ફેવરિટ બની ગયું છે.

## રંગીલાની સીકવલ બનશે ?



સિટી ન્યૂઝ@મુંબઈ

નવા કન્ટેન્ટ-પ્લાન હેઠળ લોકપ્રિય ફિલ્મોની નવી વાર્તાઓ સાથે સીક્વલ બનાવવામાં આવશે અને પૌરાણિક કથાઓ આધારિત વિશાળ સિનેમૅટિક બ્રહ્માંડ પણ તૈયાર કરવામાં આવશે. આવા જ એક પ્રોજેક્ટ ’ઈરોઝ યુનિવર્સ’ અંતર્ગત ભારતીય સિનેમાની ૬ લોકપ્રિય ફિલ્મોને નવી વાર્તાઓ અને નવાં પાત્રો સાથે આગળ વધારવામાં આવશે. આ યાદીમાં ’તનુ વેડ્સ મનુ - ધ નેક્સ્ટ ચૅપ્ટર’, ’ફોબિયા’, ’ઇંગ્લિશ વિંગ્લિશ’, ’દેસી બૉય્ઝ’, ’રંગીલા’ અને ’તેરે નામ’નો સમાવેશ થાય છે. જોકે ’તેરે નામ’ની સીક્વલમાં સલમાન ખાન ફરીથી ’રાધે’ના પાત્રમાં જોવા મળશે કે નહીં એ સંદર્ભે કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી.

# PM મોદી ફ્રાન્સના પ્રવાસે

## G7 સમિટમાં ભાગ લેશે : ટ્રમ્પ સાથે મૂલાકાતની શક્યતા : પેરિસ પણ જશે

**સિટી ન્યૂઝ@પેરિસ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ થી ૧૮ જૂન સુધી ફ્રાન્સ અને સ્લોવાકિયાના પ્રવાસે રહેશે. વડાપ્રધાન બન્યા પછી મોદી ૭મી વખત ફ્રાન્સ જઈ રહ્યા છે. ૧૩-૧૪ જૂને નીસ શહેરમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. સાથે જ ઈન્ડિયા ઈનોવેટ્સ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

૧૬ જૂને મોદી ફ્રાન્સ પાછા ફરશે. મોદી ૧૭ જૂને G૭ સમિટમાં ભાગ લેશે. સમિટમાં વૈશ્વિક અર્થતંત્ર, આંતરરાષ્ટ્રીય સહયોગ, નવી ભાગીદારીઓ અને AI ના મુદ્દા પર ચર્ચા થશે. પીએમ મોદીની ઘણા વર્લ્ડ લીડર્સ સહિત અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મુલાકાત થઈ શકે છે. ત્યારબાદ મોદી પેરિસ જશે.



બે દિવસ ૧૪ થી ૧૬ જૂન પીએમ સ્લોવાકિયામાં રહેશે. અહીં વડાપ્રધાન રોબર્ટ ફિકો અને રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની સાથે મુલાકાત કરશે. ૧૯૯૩માં સ્લોવાકિયાના આઝાદ દેશ બન્યા પછી કોઈ ભારતીય પીએમનો અહીંનો આ પહેલો પ્રવાસ છે.

'ભારત ઈનોવેટ્સ' શિક્ષણ મંત્રાલયની નવી ગ્લોબલ ઈનિશિયેટિવ છે, જેની જાહેરાત વડાપ્રધાન મોદીએ ફેબ્રુઆરી ૨૦૨૬માં ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષના ઉદ્ઘાટન દરમિયાન કરી હતી.

તેનો ઉદ્દેશ્ય ભારતીય સ્ટાર્ટઅપ્સ, IITs, IISc, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓને વૈશ્વિક રોકાણકારો, કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે જોડવાનો છે.

આ કાર્યક્રમ ૧૪ થી ૧૬ જૂન સુધી નીસ શહેરમાં પેલેસ ડેસ એક્સપોઝિશન્સમાં યોજાશે. આ મેગા સમિટનું ઉદ્ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન કરશે.



## ભારતે કહ્યું યોગદાન હંમેશા યાદ રહેશે

# થાઈલેન્ડની રાજકુમારીનું નિધન

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

થાઈલેન્ડના રાજકુમારી બજાકિતિયાભા નરેન્દ્રદેવ્યાવતીનું ૪૭ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ છેલ્લા ત્રણ વર્ષથી કોમામાં હતા અને લાંબા સમયથી ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. ભારતે તેમના નિધન પર ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. બેંગકોકમાં ભારતીય દૂતાવાસે થાઈ રાજવી પરિવાર અને થાઈલેન્ડના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે આ દુખની ઘડીમાં ભારતના વિચારો રાજા, રાજવી પરિવાર અને થાઈલેન્ડના લોકો સાથે છે. દૂતાવાસે જણાવ્યું હતું કે જાહેર સેવા અને રાજદ્વારીમાં રાજકુમારીના યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે. થાઈલેન્ડના સરકારી જનસંપર્ક વિભાગ અને વડાપ્રધાન કાર્યાલયે પણ રાજકુમારીના નિધનની પુષ્ટિ કરી હતી. થાઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા સંદેશમાં, સરકારે જણાવ્યું હતું કે રાજા મહા વજીરાલોંગકોર્નની મોટી પુત્રી રાજકુમારી બજાકિતિયાભાનું ૧૧ જૂન, ૨૦૨૬ ના રોજ અવસાન થયું. રાષ્ટ્ર પ્રત્યેની તેમની આજીવન સેવા અને સમર્પણ આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે. રોયલ હાઉસહોલ્ડ બ્યુરો અનુસાર, રાજકુમારીનું ગુરુવારે સાંજે બેંગકોકની કિંગ ચુલાલોંગકોર્ન મેમોરિયલ હોસ્પિટલમાં અવસાન થયું, જ્યાં તેમની સતત સારવાર ચાલી રહી હતી. ડોકટરોના નજીકના ધ્યાન અને સારવાર છતાં, તેણીનું સાંજે ૭:૪૮ વાગ્યે શાંતિથી અવસાન થયું. રાજકુમારીને ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તે નાખોન રત્ચાસિમા પ્રાંતના પાક ચોંગ જિલ્લામાં તેના પાલતુ કૂતરા સાથે તાલીમ લઈ રહી હતી, ત્યારે તે અચાનક હૃદયની સમસ્યાને કારણે પડી ગઈ. ત્યારબાદ તેની હાલત બગડી. તેના મોટા આંતરડામાં બળતરાને કારણે પેટમાં ગંભીર ચેપ લાગ્યો, જેના કારણે અનેક અવયવોને અસર થઈ.



# ભારતીય વાયુસેનાનું એરક્રાફ્ટ ક્રેશ : 5નાં મોત


## આસામમાં લેન્ડ થતાં જ આગ લાગી બે ટૂકડાં ! પાયલટનું મોત

**સિટી ન્યૂઝ@ગુવાહાટી**

આસામના જોરહાટમાં રૌરિયા એરબેઝ પર શનિવારે સવારે લેન્ડિંગ દરમિયાન એક સૈન્ય વિમાન ક્રેશ થઈ ગયું. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે વિમાન એરબેઝ પર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. દુર્ઘટના બાદ તેમાં આગ લાગી ગઈ અને તેના બે ટુકડા થઈ ગયા.

આ AN-૩૨ માલવાહક વિમાન હતું, જેનો ઉપયોગ સૈનિકો અને સામાનની હેરફેર માટે થાય છે. દુર્ઘટનામાં પાયલટનો જીવ ગુમાવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારતીય વાયુસેનાએ જણાવ્યું કે આ મામલે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.

ભારતીય વાયુસેના પાસે લગભગ ૧૦૦ એન્ટોનોવ AN-૩૨ ટેકિટકલ ટ્રાન્સપોર્ટ વિમાનોનો કાફલો છે. જોકે, IAF એ શરૂઆતમાં સોવિયેત મૂળના આવા ૧૨૫ વિમાનો



ખરીદ્યા હતા, પરંતુ હવે સક્રિય-ડ્યુટી વિમાનોની સંખ્યા લગભગ ૧૦૦ રહી ગઈ છે. AN-૩૨ એ ૧૯૮૦ થી IAF ની મધ્યમ-લિફ્ટ ટ્રાન્સપોર્ટ ક્ષમતાઓની કરોડરજ્જુ તરીકે કામ કર્યું છે. ગરમ હવામાન અને હિમાલય જેવા ઊંચા વિસ્તારોમાં ઓપરેશન દરમિયાન તેની મજબૂતીને કારણે તેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# રામપર-બેટી પાસે ત્રિપલ અકસ્માતમાં 4 લોકોના મોત

## દંપતી સહિત ત્રણને ઈજાઃ જીઆઈડીસીમાં કારખાનેથી છૂટી નાની મોલડી ઘરે જતા હતા ત્યારે સર્જાયેલી કરુણાંતિકાઃ અમદાવાદ હાઈ–વે ઉપર ટેન્કર, ટ્રક અને કાર અથડાયાઃ એરપોર્ટ પોલીસે તપાસ હાથ ધરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

બામણબોર નજીક રામપર બેટી પાસે એક અત્યંત હૃદયદ્રાવક અને ભયાનક અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક, ટેન્કર અને ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થતાં ઘટનાસ્થળે જ ચાર વ્યક્તિઓના મોત નિપજયા હતા. જયારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે અહીની સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા છે. બનાવની જાણ થતા એરપોર્ટ પોલીસે તપાસ કરતા મૃતક અને ધાયલ વ્યકિતઓ ચોટીલાના નાની મોલડી ગામની હોવાનુ અને કુચીયાદળ ગામે કારખાનામાં કામ કરી પરત ઘેર જતા હતા તે દરમ્યાન આ ગોજારો અકસ્માત થયો હતો.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રામપર બેટી પાસે કાર,ટેન્કર અને ટ્રક



વચ્ચે ત્રિપલ અકસ્માત થતા પ્રૌઢા સહિત ચાર વ્યકિતઓના મોત થયા હતા જયારે કાર ચાલક સહીત ત્રણ વ્યકિતને ધાયલ થતા તેને સારવાર માટે આ ઘટનાને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. બનાવની જાણ થતા એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ તરેટીયા સહિતની ટીમ દોડી ગઈ હતી અને તપાસ કરતા નાની મોલડી ગામે રહેતા ભાવીશા રમેશભાઈ ડાભી, લાભુબેન દિનેશભાઈ મેઘાણી, વિલાશબેન વિનુભાઈ મેઘાણી અને ધુના દિનેશભાઈ ડાભીના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે જયારે કાર ચાલક પ્રકાશ વિનુભાઈ મેઘાણી, રમેશભાઈ ગગજીભાઈ ડાભી અને તેની પત્ની લીલાબેનને ઈજા થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતો નાની મોલડી ગામે રહેતા લોકો બેગના કારખાનામાં મજુરી કામ કરવા આવતા હોય અને કામ પતાવી ઘરે પરત જતી વેળાએ શ્રમિક પરિવારોને અકસ્માત નડ્યો હતો આ અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો ચોટીલાના નાની મોલડી ગામના રહેવાસી હતા. તેઓ કુવાડવા જીઆઈડીસીમાં આવેલા બેગ બનાવવાના કારખાનામાં મજૂરી કામ કરતા હતા. રોજની જેમ પોતાનું કામ પતાવીને તમામ લોકો ઈકોમાં સવાર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન રામપર બેટી નજીક આ જીવલેણ અકસ્માત થયો હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# દીકરીનો જન્મ-દહેજ અંગે ત્રાસ આપતા સાસરિયા સામે ફરિયાદ

## માવતરેથી રોકડા લાવવાનું કહી સાસુ–સસરા કોન્ટ્રાક્ટર પતિને છાવરતાઃ પતિ ઈનસ્ટાગ્રામમાં અન્ય મહિલા સાથે વાતો કરતો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં મવડી રોડ પર ધર્મજીવન સોસાયટીમાં માવતરના ઘેર રહેતી પરિણીતાએ અમદાવાદ રહેતા પતિ,શિક્ષક સાસુ સસરા અને નણંદ દહેજના મામલે ત્રાસ આપતા હોવાની ફરીયાદ કરતા મહીલા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ધર્મજીવન સોસાયટીમાં માવતરના ઘેર રહેતા પ્રગતિબેન દીપભાઈ પટેલ એ પતિ દિપ,શિક્ષક સસરા વિષ્ણુ ગોવિદભાઈ પટેલ,શિક્ષીકા સાસુ નયના પટેલ, નણંદ માર્ગી અને દાદાજી સસરા ગોવિંદ વેલજીભાઈ પટેલ સામે ફરીયાદ કરી હતી ફરીયાદમાં જણાવ્યુ હતુ કે પરિણીતાના લગ્ન વર્ષ ૨૦૨૦માં દીપ પટેલ સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને એક દીકરી પણ છે. પ્રગતિબેનના સસરા વિષ્ણુભાઈ ગોવિંદભાઈ પટેલ અને સાસુ નયનાબેન બંને સરકારી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હોય તેમ છતાં દીકરીના જન્મથી લઈને ઘરકામ બાબતે તેઓ સતત માનસિક ત્રાસ આપતા હતા લગ્નના પ્રથમ વર્ષથી જ નાની-નાની બાબતોમાં પતિ દ્વારા મારપીટ કરવામાં આવતી હતી. સાસુ-સસરા પણ અવારનવાર "તું કમાવા જા" કહી મહેણાં-ટોણાં મારતા હતા. તેમજ સાસુએ પિયરમાંથી સોનાનો સેટ લાવવા તેમજ પિયર પક્ષ તરફથી રોકડા રૂપિયા લાવવા માટે સતત દબાણ કર્યું હતું. સગર્ભા દરમિયાન પણ પરિણીતાને પૂરતી તબીબી સારવાર મેળવવા દેવામાં આવી ન હતી અને ઘરમાં અવારનવાર વાસણો પછાડી ઝઘડા કરવામાં આવતા હતા.તેમજ પતિ દીપ અન્ય સ્ત્રી સાથે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો કોલ અને મેસેજ દ્વારા વાતચીત કરતો હોય જેની જાણ થતા તેને વાત કરતા ઝઘડો કરી પતિ અને સાસુ-સસરાએ ઉશ્કેરાઈને પરિણીતાને ગંભીર માર માર્યો હતો અને પીયર મોકલી હતી બાદમાં વારંવાર કહેતા પતિ સહીતનાઓ એ સંબંધ રાખવાનો ઈનકાર કરતા મહિલા પોલીસમાં ફરીયાદ કરતા પીએસઆઈ પલ્લાચાર્યએ ગુનો નોધી કાર્યવાહી કરી છે.

## રાજકોટની બેલડી સામે ગુનોઃ પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી

# શાપરમાં કારખાનામાંથી બે કર્મીઓએ કરી 50 લાખના સ્ક્રેપની ચોરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાપરમાં આવેલ રાજન ટેકનોકાસ્ટ નામના કારખાનાના સ્ટોર રૂમમાંથી ૫૦ લાખની કિંમતનો સ્ક્રેપ રાજકોટ રહેતા બે કર્મચારીઓ વિપુલ મોહન ખાનડર અને નિતેશ હરેન્દ્ર ઠાકુર ચોરી કરી ગયાની શાપર પોલીસ મથકમાં અરજી આધારે ગુનો નોંધવામાં આવ્યો છે પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે. શાપર રહેતા કંપનીના મેનેજર કૃશાંત ખુંટએ ચોરી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેની કંપની ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ બનાવી અને તેનું સીએનસી મશીનીંગ કરી વેંચાણ કરે છે. કંપનીમાં ૩૦૦ માણસો કામ કરે છે. સીએનસી મશીનમાં વપરાતા ટંગસ્ટન ધાતુના ઈન્સર્ટ ટૂલનો અંદાજે એક હજાર કિલોગ્રામ જેટલો જથ્થો સ્ટોર રૂમમાં રાખ્યો હતો ગઈ તા.૧૦મીએ આ જથ્થો વેચવાનો હોવાથી સ્ટોર રૂમમાં તપાસ કરતા ગાયબ મળ્યો હતો. જેથી કંપનીના માલિક દુષ્યંતભાઈ પટેલને જાણ કરી હતી. સીસીટીવી ફુટેજ ચેક કરતા કંપનીમાં કામ કરતાં બંને આરોપીઓ ગઈ તા.૩ના રોજ સવારે સફેદ કલરના બાચકામાં આ જથ્થો લઈ જતાં દેખાયા હતા. પરિણામે આ અંગે શાપર પોલીસ મથકમાં અરજી કરી હતી. અરજીના આધારે તપાસ કરી પોલીસે બંને આરોપીઓ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### 8 વર્ષ પૂર્વે હત્યાને અંજામ આપનાર બંગાળના

# અજિત મૌલાની ચોંકાવનારી કબૂલાતઃ રી-કન્સ્ટ્રકશન કરાવાયું

- વતનમાં જવા પૈસા માંગતા બાળકની હત્યા કરી માથું આજી નદીમાં માથુ અને ધડ બેડીના પુલ નીચે ફેકી દીધું હતું
- 15 દિવસના રિમાન્ડની માંગણી સાથે આજે કોર્ટમાં રજૂ કરાશે : નરાધમ સામે ચોતરફથી ભારે ફિટકાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટમાં ૮ વર્ષ પુર્વે આજીનદીના પટ્ટમાંથી બાળકના ધડ વગરના મળેલા માથાના ચકચારી બનાવમાં ક્રાઈમ બ્રાંચે નરાધમનો જેલમાંથી કબજો મેળવી હત્યાની કલમનો ઉમેરો કરી પોલીસે તપાસ કરતા વતનમાં જવા માટે બાળકે નાણાની માંગ કરી હતી જેથી ઉશ્કેરાઈને ઢોર માર મારી બાળકની હત્યા કરી આજી નદીમાં માથુ અને ધડ બેડીના પુલ નીચે ફેકી દિધાનુ રટણ કરતા પોલીસે આરોપી પાસે રિ-કન્ટ્રકશન કરાવી વધુ પુછતાછ કરી હતી આજે આરોપીના ૧૫ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ૨૦૧૮માં આજી નદીના પટમાંથી એક બાળકનું ધડ વગરનું માત્ર માથું મળી આવ્યું હતું. સધન તપાસ ચાલી હતી તે દરમ્યાન સામાકાઠા વિસ્તારમાં રામ નગરમાં ક્રાઈમ બ્રાંચ, એસઓજી, સહીતની ટીમે દરોડો પાડતા ૧૯ બાળકોને ગાંધી રાખી મજુરી કામ કરાવતા અજીત મૌલા આજમત મૌલા નામના શખસની ધરપકડ કરી હતી તપાસ કરતા એક બાળકને ગુહ્વાના ભાગુ ગંભીર ઈજાના નિશાન હોય તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો પોલીસની પુછતાછમાં આરોપી અજીત મૌલા બાળકોને મજુરી કામ માટે લઈ આવી તેના માતા પિતાને માસીક ૮ હજાર ચુકવતો હોવાનુ અને મળી આવેલા ૧૯ બાળકો અત્યંત દયનીય સ્થિતીમાં હોય અને કેટલા પાસે પહેરવા માટે પુરતા કપડા પણ ન હોવાનુ અને અમાનુષી કૃત્યો આચરવામાં આવતુ હોય અને એક રૂમમાં ભુખ્યા રાખવામાં આવતા હોવાનુ કાઉન્સિલિંગ દરમ્યાન બહાર આવ્યુ હતુ. પોલીસની પુછતાછમાં આરોપી અજીત મૌલાનાએ અગાઉ એક બાળકને તેના ઘેર જવુ હોય જેથી વારંવાર નાણાની માંગ કરતો હોય જેને ઢોર માર મારી હત્યા કરી તેની લાશનો નિકાલ કરવા માટે કોથળામાં નહી આવતા તેના શરીરના કટકા કરી આજી નદી અને બેડીના પુલ નીચે ફેંકી દિધાનુ રટણ કરતા પોલીસે વધુ પુછતાછ માટે ૧૫ દિવસના રિમાન્ડની માંગ સાથે આરોપીને કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી છે રાજકોટના રામનગરમાં રહેતો અને મુળ પશ્ચિમ બંગાળનો અજીત મૌલાએ ૮ વર્ષ પુર્વે બાળકની હત્યા કરી કટકા કરી નાખ્યાના બનાવમાં ક્રાઈમ બ્રાચે મૃતક બાળકના માતા-પિતાની પુછતાછ અને ડીએનએ લેવા માટે બોલાવ્યા હતા પરંતુ તેની પાસે ટીકીટના નાણા ન હોવાનુ જણાવતા પોલીસે રાજકોટ આવવાની અને રહેવાની વ્યવસ્થા કરી આપી હતી આરોપી પાસે ગઈકાલે ઘટનાસ્થળે રી કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું આજે વધુ તપાસ અર્થે આરોપીને ૧૫ દિવસના રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# મોરબીના રવાપરમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર પોલીસનો દરોડો

### રૂ.7.20 લાખની રોકડ સાથે 8 પત્તાપ્રેમીઓ ઝબ્બેઃ નામચીન શખ્સો પકડાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રવાપર ગામ નજીક આવેલી શક્તિ ટાઉનશીપના એક ફ્લેટમાં હાર-જીતનો જુગાર રમી રહેલા ઘરધણી સહિત કુલ ૮ શખ્સોને મોરબી એ-ડિવિઝન પોલીસે રૂ. ૭.૨૦ લાખની માતબર રોકડ રકમ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મોરબી એ-ડિવિઝન પોલીસની ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે ચોક્કસ હકીકત મળી હતી કે રવાપર ગામે આવેલ શક્તિ ટાઉનશીપના આધ્યા હાઈટ્સ ના બ્લોક નંબર ૨૦૪ માં જુગારની મોટી મહેફિલ જામી છે. આ બાતમીના આધારે પોલીસે તુરંત જ ફ્લેટમાં જુગારની રેડ કરી હતી. રેડ દરમિયાન ફ્લેટની અંદર પત્તા વડે હાર-જીતનો જુગાર રમતા ૮ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૭,૨૦,૦૦૦ ની રોકડ રકમ કબજે કરી તમામની અટકાયત કરી હતી. મોરબી શહેરના રવાપર રોડ પર શક્તિ ટાઉનશીપમાં આવેલ આધ્યા હાઇટ્સમાં ફ્લેટમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પોલીસે દરોડો પાડતા આરોપી (૧) રસીકભાઇ ગણેશભાઇ પટેલ (૨) પ્રકાશભાઇ વશરામભાઇ પટેલ (૩) ભરતભાઇ ગોરધનભાઇ સવસાણી (૪) જેન્તીલાલ ગાંડુભાઇ ઠોરીયા (૫) મીઠાલાલ મનજીભાઇ પટેલ (૬) યોગેશભાઇ ભીમજીભાઇ અમૃતિયા (૭) ગણેશભાઇ નરભેરામભાઇ પટેલ અને (૮)પ્રભુભાઇ સુંદરજીભાઇ ભાલોડીયાને રોકડા રૂપિયા ૭.૨૦ લાખ સાથે તીનપતિનો જુગાર રમતા ઝડપી લીધા હતા. સીટી એ ડિવિઝન પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા અન્વયે કાર્યવાહી કરી હતી.

# મોરબીમાં દારૂની 18 બોટલ સાથે એક પકડાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં ઘરમાંથી વિદેશી દારૂની નાની ૧૮ બોટલ મળી આવી હતી જેથી પોલીસે દારૂ સાથે આરોપીની ધરપકડ કરી હતી. એ ડિવિઝન પોલીસની ટિમ પેટ્રોલિંગ હતી ત્યારે લાતી પ્લોટ શેરી નં. ૧૨ માં રહેતા તોફીક ઉર્ફે ડોડવો દાઉદ ચાનિયાના ઘરમાં રેડ કરી હતી ત્યારે સ્થળ ઉપરથી દારૂની નાની ૧૮ બોટલ મળી આવી હતી જેથી પોલીસે ૧,૮૦૦ રૂપિયાનો દારૂ કબ્જે કર્યો હતો અને આરોપીની ધરપકડ કરી હતી. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ઈકબાલ જુસબભાઈ કટીયા રહે. મચ્છી પીઠ નું નામ સામે આવ્યું હતું જેથી બે શખ્સોની સામે ગુનો નોંધીને પોલીસે બીજા આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

# ગીર સોમનાથમાં 310 કરોડના સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ

## ઓપરેશન મ્યુલ હન્ટ 2.0 હેઠળ પાંચ આરોપીઓ ઝડપાયા; 290 ફરિયાદો સાથે જોડાયેલા બે મ્યુલ એકાઉન્ટમાંથી કરોડોના શંકાસ્પદ વ્યવહારો સામે આવ્યા

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લા પોલીસે સાયબર ગુનેગારો સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરતાં આશરે રૂ. ૩૧૦ કરોડના આંતરરાજ્ય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ અંતર્ગત હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન સાયબર ઠગાઈ માટે બેન્ક ખાતાઓ ભાડે આપતા પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. સમગ્ર મામલો બહાર આવતા જિલ્લામાં જ નહીં પરંતુ રાજ્યભરમાં ચકચાર મચી ગઈ છે.



જૂનાગઢ રેન્જના ડીઆઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમે સમન્વય (Samanvay) પોર્ટલ તથા NCCRP પોર્ટલ પર નોંધાયેલી ફરિયાદોના વિશ્લેષણ દરમિયાન શંકાસ્પદ બેન્ક ખાતાઓની ઓળખ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે કેટલાક ખાતાધારકો પોતાના બેન્ક ખાતા સાયબર ઠગોને ભાડે આપતા હતા અને તેના બદલામાં કમિશન મેળવી રહ્યા હતા.તપાસ દરમિયાન બેન્ક ઓફ ઈન્ડિયાના એક ખાતામાં નોંધાયેલા વ્યવહારો ચોંકાવનારા સાબિત થયા હતા. આ ખાતું NCCRP પોર્ટલ પર નોંધાયેલી ૧૯૩ ફરિયાદો સાથે જોડાયેલું હોવાનું સામે આવ્યું હતું અને તેમાં અંદાજે રૂ. ૨૮૨ કરોડના શંકાસ્પદ સાયબર ફ્રોડ ટ્રાન્ઝેક્શન થયા હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ કેનરા બેન્કના એક ખાતામાં ૯૭ ફરિયાદો સાથે સંકળાયેલા અંદાજે રૂ. ૩૭ કરોડના શંકાસ્પદ વ્યવહારો નોંધાયા હતા. આમ માત્ર બે ખાતાઓ મારફતે જ દેશના વિવિધ રાજ્યોમાં રહેતા ૨૯૦ જેટલા ભોગ બનનારાઓ પાસેથી કુલ રૂ. ૩૧૦ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ રકમ વિવિધ ઓનલાઈન ઠગાઈ, રોકાણના નામે છેતરપિંડી અને અન્ય સાયબર ગુનાઓમાંથી એકત્ર કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ગીર સોમનાથ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં મ્યુલ એકાઉન્ટ સંબંધિત ગુનો નોંધ્યા બાદ શરૂઆતમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની પૂછપરછ, ડિજિટલ પુરાવા અને ટેક્નિકલ એનાલિસિસના આધારે સમગ્ર નેટવર્કની કડીઓ ખુલતી ગઈ હતી. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો રચી સઘન તપાસ હાથ ધરવામાં આવતા વધુ ચાર આરોપીઓ સુધી પોલીસ પહોંચી હતી. પોલીસે આકાશ ભરતકુમાર પાલા (વેરાવળ), હિરેન રાજગોર (રાજકોટ), આશુતોષ ઠાકર (દેવભૂમિ દ્વારકા), અજય દાફડા (રાજકોટ) અને દીપકગીરી અપરનાથી (વેરાવળ) સહિત કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ-કોણ સંકળાયેલ છે તે અંગે વધુ તપાસ ચાલી રહી છે. આ સમગ્ર ઓપરેશન સાયબર ક્રાઇમ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. ઝણકાતના નેતૃત્વમાં પીએસઆઈથી લઈને કોન્સ્ટેબલ કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમે સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

# મોરબીમાં 'આપ' નેતા પંકજ રાણસરીયાને પોલીસની નોટિસ

## 6 મહિના જૂના અકસ્માતનો કેસ રી-ઓપન કરી સરકાર મોઢું બંધ કરાવવા માંગે છે

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીમાં આમ આદમી પાર્ટી (AAP) ના નેતા પંકજ રાણસરીયાએ સરકાર અને પોલીસ તંત્ર સામે ગંભીર આક્ષેપો કરતા એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોના હક માટે અવાજ ઉઠાવતા તેમનું મોઢું બંધ કરાવવા માટે સરકારના ઈશારે પોલીસ દ્વારા જૂના કેસમાં નોટિસ ફટકારીને હેરાન કરવામાં આવી રહ્યા છે.



પંકજ રાણસરીયાએ વિગત આપતા જણાવ્યું કે, ડિસેમ્બર ૨૦૨૫માં કેનાલ રોડ પર આવેલી એક સ્કૂલ પાસે બાળકોની સુરક્ષા માટે બમ્પ બનાવવામાં આવ્યા હતા. જો કે, કોઈ રાજકીય આગેવાનની મોરબી મુલાકાત વખતે આ બમ્પ હટાવી દેવાયા હતા. ત્યારબાદ સ્થાનિકો અને સ્કૂલ પ્રશાસનની માંગણીને પગલે ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રોડ એન્ડ બિલ્ડીંગ (R&B) ડિપાર્ટમેન્ટ દ્વારા ત્યાં ફરી બમ્પ બનાવવાની કામગીરી શરૂ કરાઈ હતી. "સ્થાનિકોએ ધ્યાન દોરતા અમે રાત્રે ત્યાં જઈને રજૂઆત કરી હતી કે બમ્પ ખૂબ ઊંચા બનાવવામાં આવી રહ્યા છે, જેના બદલે પ્લાસ્ટિકના અથવા નીચા ડામરના બમ્પ બનાવો. પરંતુ તંત્રની આવડત વગરના બમ્પને કારણે ત્યાં અકસ્માત થયો અને એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું હતું."
તેમણે વધુમાં ઉમેર્યું કે, આ ઘટનાને ૬ મહિના જેટલો સમય વીતી ગયો છે. જો અમારી કોઈ ભૂમિકા હોત તો પોલીસે તે સમયે જ કાર્યવાહી કરી હોત અને પોલીસે આ કેસ બંધ પણ કરી દીધો હતો. પરંતુ હાલમાં હું અને મારી ટીમ ખેડૂતો સાથે થઈ રહેલા અન્યાય સામે સતત લડત ચલાવી રહ્યા છીએ, જેનાથી ડરીને સરકારના અમુક આગેવાનોના દબાણ હેઠળ આ કેસને ફરીથી રી-ઓપન કરવામાં આવ્યો છે.
ગઈકાલે પોલીસ દ્વારા પંકજ રાણસરીયાને એક નોટિસ પાઠવવામાં આવી છે, જેમાં ઉલ્લેખ છે કેઃ "તમારા પર આક્ષેપો છે અને આ તમે બનાવેલ બમ્પ છે જેના કારણે વ્યક્તિનું મોત થયું છે, માટે પોલીસ સ્ટેશને હાજર રહી નિવેદન આપો."આ નોટિસ અંગે રાણસરીયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, આ માત્ર વિપક્ષનો અને ખેડૂતોનો અવાજ દબાવવાનો રાજકીય સ્ટંટ છે, પરંતુ તેઓ ખેડૂતો માટે ન્યાયની લડત ચાલુ જ રાખશે.

# જામીન રદની અરજી ફગાવાઈ, સેશન્સ કોર્ટે આરોપીના જામીન યથાવત્ રાખ્યા

**» ફરિયાદીએ પોલીસ અને અદાલતી પ્રક્રિયાનો દુરુપયોગ કર્યો હોવાની દલીલને માન્યતા, રૂ.૧૦ હજાર દંડ સાથે અરજી નામંજૂર**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલની સેશન્સ અદાલતે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જામીન પર મુક્ત કરાયેલા આરોપીના જામીન રદ કરવાની ફરિયાદીની અરજી નામંજૂર કરી છે. અદાલતે નોંધ્યું હતું કે જામીન રદ કરવાનું પગલું અત્યંત અસાધારણ સંજોગોમાં જ લેવામાં આવતું હોય છે અને હાલના કેસમાં એવા કોઈ પૂરતા આધારભૂત સંજોગો સામે આવ્યા નથી.

કેસની વિગતો મુજબ રાજકોટ શહેરમાં પોલીસ ભરતી ટ્રેનિંગ ક્લાસ સાથે સંકળાયેલા નાણાકીય વ્યવહારોને લઈને વિવાદ સર્જાયો હતો. ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ મેટોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપીઓએ હુમલો કરી મારામારી, વાહનને નુકસાન અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં વિજય મકવાણા સહિત કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં ગોંડલની સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને નિયમિત જામીન પર મુક્ત કર્યા હતા.

જામીન મળ્યા બાદ આરોપી વિજય મકવાણાએ જામીનની શરતોનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ કરીને ફરિયાદી પક્ષે તેના જામીન રદ કરવા અદાલતમાં અરજી કરી હતી. અરજીમાં આરોપીએ પોલીસ સ્ટેશનમાં હાજરી ન પુરાવી હોવા તેમજ પ્રતિબંધિત વિસ્તારની હદમાં પ્રવેશ કર્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આરોપી વિજય મકવાણા તરફથી એડવોકેટ સુરેશ ફળદુએ દલીલો રજૂ કરતાં જણાવ્યું હતું કે કેસની તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ પણ દાખલ થઈ ગઈ છે. જામીન મળ્યા બાદ ફરિયાદી કે સાક્ષીઓને ધમકી આપવા અથવા પુરાવા સાથે ચેડાં કરવાના કોઈ નવા ગુના નોંધાયા નથી. ફરિયાદી દ્વારા પોલીસ તંત્ર અને અદાલતી પ્રક્રિયાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું પણ તેમણે અદાલત સમક્ષ રજૂ કર્યું હતું. બંને પક્ષોની દલીલો, તપાસના દસ્તાવેજો અને પોલીસ રિપોર્ટોના અભ્યાસ બાદ અદાલતે નોંધ્યું હતું કે જામીન રદ કરવા માટે જરૂરી એવા ગંભીર અને અસાધારણ સંજોગો આ કેસમાં જોવા મળતા નથી. એક કિલોમીટરની હદમાં પ્રવેશ કરીને સાક્ષીઓને ડરાવ્યા કે ધમકાવ્યાના કોઈ પુરાવા રેકોર્ડ પર ઉપલબ્ધ નથી. માત્ર શરતોના આંશિક પાલન અંગેની તકરાર જામીન રદ કરવા માટે પૂરતી ગણાવી શકાય નહીં. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે જામીન રદ કરવાનો નિર્ણય વ્યક્તિની સ્વતંત્રતા સાથે સીધો સંબંધ ધરાવે છે અને તેનો ઉપયોગ હળવાશથી કરી શકાય નહીં. જોકે આરોપી દ્વારા કેટલીક હાજરીઓ અંગે યોગ્ય સ્પષ્ટતા ન મળતા અદાલતે રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો અને તે રકમ તાલુકા લીગલ સર્વિસ કમિટીમાં જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.


એડવોકેટ સુરેશ ફળદુ

આ સાથે જ ફરિયાદી દ્વારા કરવામાં આવેલી જામીન રદ કરવાની અરજી નામંજૂર કરીને આરોપી વિજય મકવાણાના જામીન યથાવત્ રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કામમા આરોપી વીજય મકવાણા વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, સાવન પરમાર, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયેલ હતા.

# માધવી પ્રોકોનને મોટી કાનૂની રાહત, 16.33 કરોડના આર્બિટ્રેશન એવોર્ડને કોર્ટની મંજૂરી

## રાજકોટ કોમર્શિયલ કોર્ટે સરકારની અરજી ફગાવી, આર્બિટ્રેશન એવોર્ડ યથાવત્ રાખ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની માનનીય કોમર્શિયલ કોર્ટ તથા ૬મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એ.કે. શાહે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં માર્ગ અને મકાન વિભાગ (R&B)ના નેશનલ હાઈવે ડિવિઝન, રાજકોટ દ્વારા દાખલ કરાયેલી અરજી ફગાવી દીધી છે અને મેસર્સ માધવી પ્રોકોન પ્રા. લિ.ના પક્ષે આપવામાં આવેલા રૂ. ૧૬.૩૩ કરોડના આર્બિટ્રેશન એવોર્ડને યથાવત્ રાખ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સોમનાથભાવનગર નેશનલ હાઈવે-૮Eના મજબૂતીકરણ અને સમારકામનું આશરે રૂ. ૩૦.૦૯ કરોડનું કામ માધવી પ્રોકોન પ્રા. લિ.ને સોંપવામાં આવ્યું હતું. કામ પૂર્ણ થયા બાદ માર્ગને થયેલા નુકસાન અને અન્ય મુદ્દાઓને લઈને સરકાર તથા કોન્ટ્રાક્ટર વચ્ચે વિવાદ ઊભો થયો હતો. ત્યારબાદ મામલો આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ સમક્ષ પહોંચ્યો હતો. ત્રણ સભ્યોની ટેકનિકલ આર્બિટ્રેશન ટ્રિબ્યુનલે બંને પક્ષોની દલીલો, ટેકનિકલ અહેવાલો અને દસ્તાવેજી પુરાવાઓના આધારે સુનાવણી પૂર્ણ કરી હતી. ટ્રિબ્યુનલે તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ માધવી પ્રોકોનના પક્ષમાં વ્યાજ સહિત રૂ. ૧૬.૩૩ કરોડ ચૂકવવાનો એવોર્ડ આપ્યો હતો. સાથે જ સરકાર દ્વારા કરવામાં આવેલ આશરે રૂ. ૨૪ કરોડનો કાઉન્ટર ક્લેમ પણ નામંજૂર કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજકોટ કોમર્શિયલ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે કોર્ટએ પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે આર્બિટ્રેશન ટ્રિબ્યુનલે તમામ દાવા, કાઉન્ટર ક્લેમ, ટેકનિકલ અહેવાલો અને પુરાવાઓનો વિગતવાર અભ્યાસ કરીને કારણસભર એવોર્ડ આપ્યો હતો.કોર્ટએ વધુમાં જણાવ્યું હતું કે આર્બિટ્રેશન અને સમાધાન અધિનિયમની કલમ-૩૪ હેઠળ કોર્ટ અપીલ કોર્ટ તરીકે કાર્ય કરી શકતી નથી અને પુરાવાઓનું પુનમૂલ્યાંકન પણ તેના અધિકારક્ષેત્રમાં આવતું નથી. માત્ર અન્ય સંભવિત વ્યાખ્યા હોવાના આધારે આર્બિટ્રેશન એવોર્ડ રદ કરી શકાય નહીં. કોર્ટના મતે સરકાર એ સાબિત કરવામાં નિષ્ફળ રહી હતી કે આર્બિટ્રેશન એવોર્ડમાં કોઈ


એડવોકેટ

પેટન્ટ ઈલિગાલિટી, જાહેર નીતિનો ભંગ અથવા કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે. તેમજ ટ્રિબ્યુનલે પોતાની સીમાઓ બહાર જઈ કોઈ નિર્ણય કર્યો હોવાનું પણ સાબિત થયું નથી.આથી કોર્ટે સરકારની COMM CMA નં. ૧૮/૨૦૨૪ અરજી સંપૂર્ણપણે ફગાવી દીધી હતી અને તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭ના આર્બિટ્રેશન એવોર્ડને યથાવત્ રાખવાનો હુકમ કર્યો હતો. સાથે જ બંને પક્ષોને પોતાનો ખર્ચ પોતે ભોગવવાનો આદેશ પણ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ચુકાદો આર્બિટ્રેશન એવોર્ડની અંતિમતા અને કોર્ટના મર્યાદિત હસ્તક્ષેપના સિદ્ધાંતને વધુ મજબૂત બનાવતો મહત્વપૂર્ણ નિર્ણય માનવામાં આવી રહ્યો છે. માધવી પ્રોકોન પ્રા. લિ. તરફથી શુક્લા લો સોલ્યુશન્સના સિનિયર એડવોકેટ જયુભાઈ શુક્લા, કપિલ શુક્લા, પૂજા શુક્લા, આર.ટી. જોશી, કેયુર જોશી, પ્રવીણભાઈ ત્રિવેદી, પંકજભાઈ રાવલ, કુલદીપ બરાળ અને શ્રુતિ કાવાએ દલીલો રજૂ કરી હતી.

# ધૂળશિયામાં ખેડૂત આપઘાત કેસ બાદ તંત્રની કાર્યવાહી

## મામલતદારના આદેશથી JCB વડે પાણીના નિકાલનો માર્ગ ખુલ્લો કરાયો







**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલ તાલુકાના ધૂળશિયા ગામે જમીનના પાણીના નિકાલ મામલે પાડોશીઓના ત્રાસથી ખેડૂતે કરેલા આપઘાતના કેસમાં આજે તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

ગોંડલ તાલુકા મામલતદારના આદેશથી આજે વિવાદિત જમીન પરથી JCBની મદદથી પારો હટાવીને પાણીનો નિકાલ ખુલ્લો કરવામાં આવ્યો છે.

ગોંડલ તાલુકાના ધૂળશિયા ગામે આજે ૧૨ જૂનના રોજ તાલુકા મામલતદારના હુકમથી ખેતરમાં પાણીના નિકાલને રોકતો માટીનો પારો હટાવવામાં આવ્યો છે. ગોંડલ તાલુકા મામલતદાર સ્ટાફ, ગામના સરપંચ અશ્વિનભાઈ ઠુંમર અને મૃતક ખેડૂતના પરિવારજનોની વિશેષ ઉપસ્થિતિમાં JCBની મદદથી આ પાળી તોડીને પાણીનો નિકાલ ફરીથી શરૂ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, જમીનમાંથી પાણીના નિકાલ જેવી સામાન્ય બાબતે ખેડૂતને પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. ગત ૨૧ મેના રોજ ધૂળશિયા ગામે રહેતા ખેડૂત મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ વલ્લભભાઈ ભુવાએ પોતાના જ ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી દવાના ટીકડા ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. પાડોશીઓના સતત ત્રાસ અને ધમકીઓથી કંટાળીને તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું.

મૃતક મહેન્દ્રભાઈની ખેતીની જમીનની નીચેના ભાગે તેમના જ કૌટુંબિક ભાઈઓ સુરેશભાઈ, હરેશભાઈ અને કાનજીભાઈની જમીન આવેલી છે. છેલ્લા દોઢ-બે મહિનાથી આ શખ્સોએ મહેન્દ્રભાઈના ખેતરમાંથી આવતા પાણીના નિકાલનો માર્ગ માટી નાખીને અને પાળી બાંધીને બંધ કરી દીધો હતો. આ બાબતે અગાઉ મામલતદાર સમક્ષ અરજી પણ કરવામાં આવી હતી. પાડોશીઓએ એ હદે માનસિક ત્રાસ આપ્યો કે અંતે ખેડૂતે મોતને વહાલું કરવું પડ્યું.

આ ઘટના બાદ મૃતકના નાના ભાઈ લાલજીભાઈ ભુવાએ સુલતાનપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા ૪ આરોપીઓ સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. હાલ આ ચારેય આરોપીઓ જેલ હવાલે છે, ત્યારે આજે તંત્ર દ્વારા પાણીના નિકાલનો માર્ગ ખુલ્લો થતાં મૃતકના પરિવારને આંશિક ન્યાય મળ્યો છે.

# મેસન કલબ કો.ઓપ. સોસાયટીના સંચાલકો સામે વધુ એક નોંધાતો ગુનો

### 2.50 લાખની લોન સામે 4.77 લાખ વસૂલ્યા છતાં વધુ 1.98 લાખ માગ્યા ચાર શખ્સો સામે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ : તપાસ ઈઓડબ્લ્યુને સોંપાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મિલપરા વિસ્તારમાં રહેતા દિપ્તીબેન દોશી (ઉં.વ. ૫૦) એ મેસન ક્લબ કો.ઓપ. સોસાયટીના ડિરેક્ટર પરાગ સોલંકી, મેનેજર મોંટુ ટાંક, વિવેક ટાંક અને નિશાંત દવે સામે વ્યાજખોરીની ફરિયાદ નોંધાવી છે, જેની તપાસ આર્થિક ગુન્હા નિવારણ શાખા ચલાવી રહી છે. ૨૦૧૯માં દિપ્તીબેનના પુત્ર હાર્દિકે કપડાના વ્યવસાય માટે આ સોસાયટીમાંથી ૨૧ ટકા વ્યાજે રૂ. ૨.૫૦ લાખની લોન લીધી હતી. સુરક્ષા પેટે સોસાયટીએ હાર્દિક અને જામીનદારોના ૨૦ કોરા ચેક મેળવ્યા હતા મંદી છતાં પરિવારે લોન પેટે કુલ રૂ. ૪.૭૭ લાખ ચૂકવી દીધા હતા. તેમ છતાં, જ્યારે પરિવારે હિસાબનું સ્ટેટમેન્ટ અને એનઓસી (NOC) માંગ્યું, ત્યારે ડિરેક્ટર પરાગ સોલંકીએ ધમકી આપતા કહ્યું હતું કે, “અમો બે લાખની લોન સામે સાડા છ લાખ લઈએ છીએ અને માણસ મરી જાય પછી જ સેટલમેન્ટ થાય છે ક્રેડિટ સોસાયટીના માણસોએ ફરિયાદીના ઘરે જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બાકી નીકળતા રૂપિયા ૧.૯૮ લાખની ઉઘરાણી માટે કોરા ચેકોનો દુરુપયોગ કરી રૂ. ૬.૨૩ લાખના ખોટા ચેક રિટર્નના કોર્ટ કેસ ઠોકી દઈ પરિવારને શારીરિક-આર્થિક રીતે પાયમાલ કરી નાખ્યો હતો પૂરેપૂરી રકમ વ્યાજ સાથે ચૂકવી દીધી હોવા છતાં સોસાયટીના સંચાલકોએ હિસાબનું પત્રક આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. એટલું જ નહીં, ગ્રાહકના ઘરે જઈને કોઈ પણ પ્રકારના કાયદાકીય આદેશ વગર જ ઘર જપ્તી કરવાની અને જો રૂપિયા ન ભરે તો જાનથી મારી નાખીને પણ પરિવાર પાસેથી વસૂલાત કરવાની ગંભીર ધમકીઓ આપવામાં આવી હતી.

### કુવાડવા રોડ પોલીસે બાતમી આધારે દબોચ્યો

# 15 વર્ષથી નાસતો ફરતો આરોપી આખરે પકડાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

છેલ્લા ૧૫ વર્ષથી પ્રોહી. ગુનામાં નાસતા ફરતા આરોપીને કુવાડવા રોડ પોલીસે ઝડપી લેવામાં સફળતા મેળવી છે. રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.ર.નં. ૧૭૯/૨૦૧૧ પ્રોહી એકટ કલમ ૬૬ (૧) બી, ૬૫ઈ, ૮૧ મુજબના કામના આરોપી વિનોદભાઈ હમીરભાઈ ઓતરાદી રહે. ચીરોડા તા.ચોટીલા જી. સુરેન્દ્રનગર વાળા વિરૂધ્ધ કોર્ટ તરફથી સીઆરપીસી કલમ ૭૦ મુજબનું પકડવાનું વોરંટ ઈસ્યુ કરેલ હોય અને સદરહુ આરોપી ઉપરોકત ગુન્હામાં છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા હોય પોલીસ ઈન્સપેકટર વી.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સ્પેકટર એ.એ. બ્લોચની રાહબરી હેઠળ ગઈ તા.૧૧ના રોજ સર્વેલન્સ સ્ટાફના માણસો હ્યુમન સોર્સીસ તેમજ ટેકનીકલ એનાલીસ આધારે ઉપરોકત આરોપીને પકડવા બાબતે સતત પ્રયત્નશીલ હતા. આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર વી.આર. વસાવા, તથા પોલીસ સબ ઈન્સપેકટર એ.એ. બ્લોચ, તથા એએસઆઈ ખોડુભા જાડેજા તથા પોલીસ હેડ કોન્સ. મહેશભાઈ રબારી તથા પોલીસ કોન્સ. ભાવેશભાઈ મકવાણા તથા કુશલભાઈ જોશી તથા જયદીપભાઈ ધોળકીયા તથા મેહુલસિંહ ચુડાસમા તથા જયપાલભાઈ બરાળીયા તથા ભરતભાઈ ઘેડ તથા પીન્ટુભાઈ હીરપરા તથા અરવિંદસિંહ ગોહિલે કરી હતી.

# મને અફસોસ તે વાતનો આજે પણ છે, મેં એવું કર્યું હોત તો બંસરી આજે પણ જીવતી હોત

ગોવિંદે વાત ચાલું રાખી. "બંસરી મેળામાં આવી હતી. મેં બૂમ પાડી એટલે તેણે મારી સામે જોયું. તેની બહેનપણીને પણ આશ્ચર્ય થયું. તેવી જ સ્થિતિ મારા મિત્રોની પણ હતી. મારા એક મિત્રએ કહ્યું, "અલ્યા શું કરે છે? બબાલ થશે."

બંસરી પહેલાં તો મારી સામે જોતી રહી. એની આંખોમાં ગુસ્સો અને કોઈ પ્રશ્ન હતો. પછી ધીરે ધીરે તેણે મને ઓળખ્યો હોય એવું લાગ્યું. એના ચહેરા પર સ્મિત આવ્યું. એ મારી પાસે આવી. જાણે ખાતરી કરતી હોય એમ પૂછ્યું, "બેંકવાળા સાહેબને?"

મેં માથું હલાવીને હા પાડી. મેં પૂછ્યું, "મેળામાં આવી છે?" એના ચહેરા પર અલ્લડ હાસ્ય આવી ગયું. હસવાનું રોકીને ગંભીર ચહેરો કરતાં કહ્યું, "ના. મસાણમાં આવી છું."

એની સાથે રહેલી તેની બહેનપણીઓ પણ હસવા લાગી. મને બહુ ખરાબ લાગ્યું. મારી મશ્કરી થઈ હોય તેવું લાગ્યું. આટલું બોલીને બંસરી જતી રહી. મારા મિત્રોએ કહ્યું, "આવો તો કંઈ સવાલ પૂછાય! મેળામાં તો આવી હતી."


હું દ્વિધામાં હતો, એટલે મને કંઈ પૂછવાની ખબર પડી નહીં. પણ મારી નજર મેળામાં બંસરીને જ શોધતી રહી. અંતે મેળો પત્યો ત્યાં સુધી તે મળી નહીં. કદાચ તે જતી રહી હશે. મેળામાં એ મળી પછી મારું મન વ્યાકુળ બન્યું હતું. મેં નક્કી કર્યું કે, હું એને શોધી કાઢીશ. ચાર પાંચ દિવસ પછી મને યાદ આવ્યું કે, મારી જ બેંકમાં એની દાદીનું ખાતું છે. સરનામું તો હોય જ.બેંકમાં કોઈને ખબર ન પડે એ રીતે મેં બંસરીની દાદીનું એકાઉન્ટ જોયું અને તેનાં ઘરનું સરનામું શોધી લીધું. તે દિવસે બેંકમાંથી છૂટ્યા પછી હું બંસરીના વિસ્તારમાં ગયો. હું તેની રાહ જોતો ઊભો રહ્યો. તે મળી નહીં એટલે મેં રોજ જવાનું ચાલું રાખ્યું. છેક ત્રીજા દિવસે મને બંસરી જોવા મળી. હું એને કંઈ પૂછું તે પહેલાં જ એણે મને ઓળખી લીધો. મને કહ્યું, "અરે, બેંકવાળા સાહેબ! અહીં ક્યાં?"

એનો પ્રશ્ન સાંભળી હું ગોથું ખાઈ ગયો. મને કંઈ સૂઝ્યું નહીં. ખોટું બોલવાની મને ટેવ નહોતી એટલે જવાબમાં ગોટા વળવા લાગ્યા. તે હસી પડી. પછી મારી આંખોમાં જોતાં પૂછ્યું, "મને જ જોવા આવ્યા હતાને?"

પછી તો હું સાવ હેબતાઈ ગયો. જાણે




મારી ચોરી પકડાઈ ગઈ હોય તેવું લાગ્યું, પણ બંસરી બહુ હોશિયાર હતી. એણે મારી નજરમાં રહેલો તેના માટેનો પ્રેમ પકડી પાડ્યો હતો." બંસરીની વાત કરતાં કરતાં અચાનક ગોવિંદનું ધ્યાન બેરેકમાં ટાંગેલી ઘડિયાળ તરફ ગયું. બાર વાગી રહ્યા હતા. એણે આસપાસ નજર કરી. એકાદ બે કેદીને બાદ કરતાં બધા જ સૂઈ ગયા હતા. ગોવિંદે કહ્યું, "ચાલો, આવતીકાલે વાત કરીશું."ગોપાલે તરત એનો હાથ પકડતાં કહ્યું, "ભાઈ, પ્લીઝ..."ગોવિંદ હસ્યો. તેણે કહ્યું, "પાણી પી લઉં?"આટલું બોલીને તે ઊભો થવા જતો હતો, પણ ગોપાલે તેને હાથ પકડીને બેસાડતાં કહ્યું, "ભાઈ, હું લઈ આવું છું."ગોપાલ માટલા પાસે ગયો અને એક ગ્લાસ પાણી લઈ આવ્યો. ગોવિંદે પાણી પીધું અને શર્ટની બાંયથી ભીના હોઠ સાફ કર્યા. પછી વાત આગળ વધારતાં કહ્યું, "પછી હું અવાર નવાર એને જોવા ત્યાં પહોંચી જતો. ધીમે ધીમે એક સમય નક્કી થયો. બંસરી પણ ત્યાં સમયસર આવવા લાગી. અમારી વચ્ચે ધીમેધીમે સંવાદ ચાલું થયો. એક દિવસ મેં હિંમત કરીને તેની સામે પ્રેમનો એકરાર કર્યો. ધીમે ધીમે હું અને બંસરી મળવાં લાગ્યાં.બંસરી સાતમાં ધોરણ સુધી ભણેલી હતી. પહેલાં એ મને બેંકવાળા સાહેબ જ કહેતી. મેં કહ્યું, "સાહેબ નહીં, ગોવિંદ."તે મને ગોવિંદ સાહેબ જ કહેતી. ક્યારેક વળી ખાલી સાહેબ કહેતી. બંસરીનાં બાળ લગ્ન થયાં હતાં. એનો મોટો ભાઈ તેમના વિસ્તારનો ડોન હતો. બંસરીને તેના ભાઈનો જ ડર લાગતો હતો. એક ક્ષણ તો મને પણ લાગ્યું કે, ડોનની બહેનના પ્રેમમાં ક્યાં પડ્યો? પણ ગણતરી માંડીને તો કંઈ થોડો પ્રેમ થાય છે!"મારો ભાઈ જોઈ જશે તો બબાલ થશે" આવું બંસરી કાયમ કહેતી. એને સતત તેવો ડર લાગતો. એક દિવસ ખરેખર એવું જ બન્યું. અમે સ્ટેશનરોડ પરથી રિક્ષામાં પાછાં ફરી રહ્યાં હતાં, ત્યારે તેના ભાઈએ અમને જોઈ લીધા. એ બાઈક પર હતો. એણે ઓવરટેક કરીને રિક્ષા ઊભી રાખાવી. રિક્ષા ઊભી રહેતાં જ પહેલાં તો એણે કોઈ જ કારણ વગર રિક્ષા ડ્રાઈવરને બે લાફા માર્યા. બંસરીને હાથ પકડી રિક્ષામાંથી ઉતારી. પછી મારો વારો લીધો. તે મારી પર રાક્ષસની જેમ તૂટી પડ્યો. મારામાં હિંમત પણ નહોતી અને


પ્રશાંત દયાળ

તાકાત પણ નહોતી. બંસરી રડતી રડતી વચ્ચે પડતી અને મને બચાવવાનો પ્રયત્ન કરી રહી; પણ એનો ભાઈ તેને પણ ફટકારી દેતો હતો. લોકોનું ટોળું ભેગું થઈ ગયું, પણ મને મદદ કરવાની કોઈની હિંમત ન થઈ. જતાં જતાં એના ભાઈએ મને ચેતવણી આપી, "આજે જીવતો જાય છે. ફરીવાર જીવતો છોડીશ નહીં."

તે રડતી બંસરીને બાઈક પર બેસાડી જતો રહ્યો. મને ખૂબ માર્યો હતો. હું ઘરે પહોંચ્યો ત્યારે મેં ઘરે કહ્યું કે, દોસ્તના બાઈક પરથી પડી ગયો છું. પાંચ સાત દિવસ તો બેંકમાં પણ જઈ ન શક્યો.આ વાતને બે મહિના થઈ ગયા. હું અને બંસરી મળ્યા જ નહોતાં. બંસરીને તેનાં ઘરેથી બહાર નીકળવાની જ મનાઈ હતી. એક દિવસ અચાનક બંસરી બેંકમાં આવી ગઈ. એણે મને કહ્યું, "મારે વાત કરવી છે."હું એને બેંકની બહાર લઈ ગયો. તે ખૂબ ડરેલી હતી. તેણે મને કહ્યું, "મારું ઘરની બહાર નીકળવાનું બંધ કરાવી દેવામાં આવ્યું છે. આજે ઘરનાં બધાં કોઈ મરણમાં ગયાં છે એટલે તક મળતાં જ હું અહીં તમને મળવા આવી છું."હું માત્ર સાંભળી રહ્યો. બંસરીએ કહ્યું, "મારાં જ્યાં બાળ લગ્ન થયાં હતાં તેની સાથે વળાવી દેવાની વાત ચાલી રહી છે."

હું ત્યારે પણ કંઈ જ બોલી શક્યો નહીં. કારણ, મારી અંદર એના ભાઈનો સામનો કરવાની હિંમત જ નહોતી. હું એને ભગાડી જઉં એવી મારી સ્થિતિ પણ નહોતી. બંસરીએ મને તે દિવસે કહ્યું, "સાહેબ, તમે કંઈક કરજો. જો મને વળાવી દેશે, તો મારી પાસે મરવા સિવાય કોઈ રસ્તો નહીં રહે. હું તમારા સિવાય કોઈનો વિચાર પણ કરી શકતી નથી."આટલું કહીને તે ઉતાવળે જતી રહી. હું મુંઝવણમાં હતો કે, મારે શું કરવું? તેનો મને કોઈ જ જવાબ ન મળ્યો. મારો એક મિત્ર હતો, વિરાજ. એ થોડો તોફાની હતો. એણે મને કહ્યું, "ચાલ, ભગાડી જઈએ."

પણ મેં કહ્યું, "ના."તેણે ગુસ્સો કરતાં કહ્યું, "તો તાળી પાડ. હિંમત નહોતી તો પ્રેમ શું કામ કર્યો?"બંસરીના ઘરે શું ચાલી રહ્યું છે, તે જાણવાનો મારી પાસે કોઈ રસ્તો નહોતો. એક મહિના પછી મને વિરાજનો ફોન આવ્યો. તેણે મને પૂછ્યું, "છાપું વાંચ્યું?"મેં કહ્યું, "ના."તેણે કહ્યું, "પાના નંબર પાંચ ઉપર વાંચ."મેં ફટાફટ છાપું ખોલ્યું અને પાનં નંબર પાંચ ઉપર એક પછી એક સમાચાર પર નજર ફેરવી. એમાંથી એક સમાચાર વાંચ્યા અને મને લાગ્યું કે, મારા પગને લકવા થઈ ગયો! હું ત્યાં જ બેસી ગયો. મારે રડવું હતું, પણ હું રડી શક્યો નહીં.અખબારમાં સમાચાર હતા કે, "બંસરીએ પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે."

મને બહુ જ અફસોસ થયો. બંસરી મારી સાથે ભાગવા તૈયાર હતી, પણ મારી જ હિંમત થઈ નહોતી. જો મેં હિંમત કરી હોત, તો બંસરી આજે પણ જીવતી હોત! એવું મને લાગે છે." (ક્રમશઃ)



### પ્રથમ પુણ્યતિથિએ જૈન વિઝન દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા

# સેવાકાર્યોથી સ્વ. વિજયભાઈ રૂપાણીને ભાવાંજલિ અપાઈ

## જૈન વિઝન દ્વારા ભજન, ભોજન, જીવદયા અને માનવતાલક્ષી પ્રવૃત્તિઓ









**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે જૈન વિઝન સંસ્થા દ્વારા વિવિધ સેવાકીય અને માનવતાલક્ષી કાર્યક્રમો યોજી તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આયોજિત કાર્યક્રમોમાં ભજન, ભોજન, જીવદયા અને સામાજિક સેવાની પ્રવૃત્તિઓ દ્વારા દિવંગત આત્માઓને સ્મરણાંજલિ પાઠવવામાં આવી હતી.

જૈન વિઝનના સંયોજક મિલન કોઠારીએ જણાવ્યું હતું કે સ્વ. વિજયભાઈ રૂપાણી એક મહાન વ્યક્તિત્વ હતા અને તેમની ખોટ ક્યારેય પૂરી થઈ શકે તેમ નથી. તેમના જીવનમૂલ્યોને યાદ રાખી સમાજસેવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોયલ પાર્ક સ્થિત જૈન સંઘ, ઓમાનવાલા ઉપાશ્રય અને સી.એમ. પૌષધશાળામાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં નમસ્કાર મહામંત્રના જાપનું આયોજન કરવામાં આવ્યું હતું. જાપ પૂર્ણ થયા બાદ પ્રભાવના પણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે અંજલીબેન રૂપાણી, મેયર ડૉ. નેહલ શુક્લ, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, ભાજપ અગ્રણી ધનસુખભાઈ ભંડેરી, પૂર્વ મેયર બીનાબેન આચાર્ય, ઋષભ રૂપાણી, જૈન અગ્રણી સી.એમ. શેઠ, અંશ ભારદ્વાજ તથા કાશ્મીરાબેન નથવાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જૈન વિઝન મહિલા વિંગ દ્વારા રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળ ખાતે અબોલ જીવોને ૨૫૦ કિલો લાડવા અને ૧૦૦ કિલો ચણ અર્પણ કરી જીવદયાનું કાર્ય કરવામાં આવ્યું હતું. વિરાણી મૂક-બધિર શાળાના દિવ્યાંગ બાળકોને મિષ્ટાન્ન ભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત રોટી અભિયાન અંતર્ગત ઝૂંપડપટ્ટી અને જરૂરિયાતમંદ લોકોને ભોજન પહોંચાડવામાં આવ્યું હતું. જૈન ભોજનાલયમાં એક દિવસના ભોજનનો લાભ લેવામાં આવ્યો હતો તેમજ શ્રી રામચરિત ફાઉન્ડેશન ટ્રસ્ટ મારફતે જરૂરિયાતમંદોને ભોજન અને ટિફિન વિતરણ કરવામાં આવ્યું હતું.

બોલબાલા ટ્રસ્ટના અન્નપૂર્ણા રથ મારફતે ગરીબ અને નિરાધાર લોકોને ભોજન આપવામાં આવ્યું હતું. સાથે જ કે.કે.વી. ચોક પાસે છાસ વિતરણ કાર્યક્રમ યોજી લોકોને ગરમીમાં રાહત પહોંચાડવામાં આવી હતી. આ રીતે જૈન વિઝન સંસ્થાએ સેવા અને માનવતાના કાર્યો દ્વારા સ્વ. વિજયભાઈ રૂપાણી તથા અન્ય દિવંગત આત્માઓને ભાવાંજલિ અર્પણ કરી હતી.

# સ્વ.વિજયભાઈ રૂપાણીની પુણ્યતિથિએ ભાજપ અગ્રણીઓએ અર્પી શ્રદ્ધાંજલિ

» કાર્યકર્તાઓના હૃદયમાં વિજયભાઈ રૂપાણી કાયમી રહેશે : ડો. જૈમનભાઈ ઉપાધ્યાય

» સ્વ.વિજયભાઈ રૂપાણી રાજપુરુષ ની સાથોસાથ રાજકોટના વિકાસમાં મહાપુરુષ સાબિત થયા છે : હરેશ જોષી


» સ્વ.વિજયભાઈ રૂપાણી છેવાડાના માનવી માટે ખરા અર્થમાં કોમનમેન સાબિત થયા હતા : તેજસ ત્રિવેદી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ અને ભાજપ સંગઠનના અગ્રણીઓમાં સ્થાન ધરાવતા સ્વ. વિજયભાઈ રૂપાણીના સ્વધામગમનને એક વર્ષ પૂર્ણ થતાં તેમની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભાજપના અગ્રણીઓએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે શહેરના પૂર્વ મેયર ડો. જૈમન ઉપાધ્યાય, ભાજપ અગ્રણી હરેશ જોષી અને તેજસ ત્રિવેદીએ તેમના રાજકીય, સામાજિક અને સંગઠનાત્મક યોગદાનને યાદ કર્યું હતું.

ડો. જૈમન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સ્વ. વિજયભાઈ રૂપાણી માત્ર એક રાજકારણી નહીં પરંતુ કાર્યકર્તાઓના સાચા માર્ગદર્શક હતા. તેમણે ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને છેવાડાના કાર્યકર્તા સુધી પહોંચાડવા જીવન સમર્પિત કર્યું હતું. પક્ષ અને રાષ્ટ્ર હંમેશા વ્યક્તિથી મોટા છે તેવો સંદેશ તેઓ સતત આપતા રહ્યા હતા. તેમના વ્યક્તિત્વ અને કાર્યશૈલીને કારણે તેઓ કાર્યકર્તાઓના હૃદયમાં હંમેશા જીવંત રહેશે.

ભાજપ અગ્રણી હરેશ જોષીએ જણાવ્યું હતું કે, સ્વ. વિજયભાઈ રૂપાણી રાજપુરુષની સાથે રાજકોટ અને સૌરાષ્ટ્રના વિકાસપુરુષ તરીકે પણ યાદ રહેશે.





રાજકોટના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, રાજ્યસભાના સભ્ય, પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રી તરીકેની જવાબદારીઓ દરમિયાન તેમણે રાજકોટને અનેક મહત્વપૂર્ણ વિકાસકાર્યોની ભેટ આપી હતી. રાજકોટમાં એમ્સ, હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ, બસ પોર્ટ, અટલ સરોવર સહિતના અનેક પ્રોજેક્ટ્સને સાકાર કરવામાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે.


તેજસ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સ્વ. વિજયભાઈ રૂપાણી ખરા અર્થમાં કોમનમેન હતા. તેમણે છેવાડાના માણસ સુધી સરકારની યોજનાઓ પહોંચે અને ગરીબ-વંચિત વર્ગને જીવનમાં આગળ વધવાની તક મળે તે માટે સતત પ્રયાસો કર્યા હતા. પૂજિત રૂપાણી ટ્રસ્ટ મારફતે કચરો વીણતા બાળકો સહિત ગરીબ વર્ગના બાળકોના શિક્ષણ અને વિકાસ માટે પણ તેમણે નોંધપાત્ર કાર્ય કર્યું હતું.

અગ્રણીએ જણાવ્યું હતું કે, સ્વ. રૂપાણીએ ભાજપ સંગઠનમાં કાર્યકર્તા ઘડતરને વિશેષ મહત્વ આપ્યું હતું. પક્ષની પંચનિષ્ઠા, એકાત્મ માનવવાદ અને રાષ્ટ્રવાદના મૂલ્યોને પ્રબળ બનાવવા તેમણે અનેક અભ્યાસવર્ગો અને પ્રશિક્ષણ શિબિરોનું આયોજન કરાવ્યું હતું. નાના કાર્યકર્તામાં રહેલી ક્ષમતાને ઓળખી તેને મોટી જવાબદારી આપવાની તેમની આગવી શૈલી હતી.

મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન કોરોના મહામારી જેવી વિકટ પરિસ્થિતિમાં તેમણે સંવેદનશીલ અને નિર્ણાયક નેતૃત્વ પૂરું પાડ્યું હતું. પારદર્શક, પ્રગતિશીલ અને જનકેન્દ્રિત શાસનના ચાર સ્તંભો પર તેમણે સરકાર ચલાવી હતી.

અંતમાં ડો. જૈમન ઉપાધ્યાય, હરેશ જોષી અને તેજસ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સ્વ. વિજયભાઈ રૂપાણીના અવસાનથી રાજકોટ અને સૌરાષ્ટ્રે એક લડાયક, નીડર, સંવેદનશીલ અને અહંકારમુક્ત લોકનેતા ગુમાવ્યો છે. તેમનું વ્યક્તિત્વ, કાર્યશૈલી અને વિકાસદ્રષ્ટિ આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

# સોમનાથમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે વિશેષ સોમેશ્વર પૂજા અને અન્નદાનનું આયોજન



સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગીર સોમનાથ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. એક વર્ષ પૂર્વે અમદાવાદ ખાતે થયેલી કરૂણ વિમાન દુર્ઘટનામાં વિજયભાઈ રૂપાણી સહિત અનેક લોકોના અવસાનથી સમગ્ર ગુજરાત શોકમગ્ન બન્યું હતું.

આ અવસરે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના પવિત્ર ધામ ખાતે વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના કારોબારી ચેરમેન તથા ગીર સોમનાથ જિલ્લા વણિક સમાજના પ્રમુખ ઉદયભાઈ શાહ અને તેમના મિત્રવર્તુળ દ્વારા વિશેષ સોમેશ્વર પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજા દરમિયાન વિજયભાઈ રૂપાણી સહિત વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.





આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને ભક્તજનોએ વિજયભાઈ રૂપાણીના જાહેર જીવન, સેવાભાવ, સાદગી અને ગુજરાતના વિકાસમાં આપેલા યોગદાનને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. ભગવાન સોમનાથને દિવંગત આત્માઓને ચિરશાંતિ તથા તેમના પરિવારજનોને દુખ સહન કરવાની શક્તિ આપવા પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રભાસતીર્થ સ્થિત પૂજ્ય ડોંગરેજી મહારાજ અન્નક્ષેત્ર ખાતે તેમની સ્મૃતિમાં અન્નદાન કાર્યક્રમ યોજાયો હતો. યાત્રિકો, સાધુ-સંતો અને જરૂરિયાતમંદોને ભોજન પ્રસાદ પીરસીને તેમની યાદને જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે વિજયભાઈ રૂપાણી ભલે આજે શારીરિક રીતે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની કાર્યશૈલી, લોકસેવા અને સંવેદનશીલ વ્યક્તિત્વ આજે પણ લોકોના હૃદયમાં જીવંત છે. સોમનાથની પવિત્ર ભૂમિ પરથી અપાયેલી આ શ્રદ્ધાંજલિ ભાવુક અને સ્મરણિય બની રહી હતી.

## આધુનિક રાજકોટના આર્કિટેક્ટ વિજયભાઈ રૂપાણી

# જૈન સમાજના પનોતા પુત્ર રત્ન ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની જીવન ઝાંખી..

મૂલ્યનિષ્ઠ રાજનીતિને વરેલા, લોકશાહીને જીવંત રાખવા કટોકટી સમયે બાર-બાર મહિના જેલવાસ ભોગવેલો... પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના માધ્યમથી કચરો વીણતાં બાળકોના કલ્યાણમાં પણ નિમિત્ત બને છે.

એકદમ સીધા સાદા, નિરભિમાની, નિઃસ્વાર્થ, મૂલ્ય નિષ્ઠ રાજનીતિને વરેલા... વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા દેશ... આ ઉક્તિ વારંવાર ઉચ્ચારતા...

સૌરાષ્ટ્રના ચાણકા ગામના પ્રમાણિક અને પ્રેમાળ એવા ખમીરવંત પિતા રમણીકભાઈ અને ધર્મ વત્સલા માતા મૈયાબા રૂપાણી પરિવારના ખાનદાન કુટુંબમાં રંગૂન બર્માની ભૂમિ ઉપર તા. ૦૨/૦૮/૧૯૫૬ માં એક બાળકનું અવતરણ થયું. સાત ભાઈઓ અને ચાર બહેનોમાં સૌથી લાડીલા એવા આ બાળકનું નામ રાખવામાં આવ્યું "વિજય".

પ્રાથમિક શિક્ષણ રાજકોટની પ્રધ્યુમનસિંહજી શાળામાં, માધ્યમિક અભ્યાસ વિરાણી સ્કૂલમાં મેળવ્યો. નેતાગીરીના ગુણ તેઓમાં બાળપણથી દ્રશ્યમાન થવા લાગેલ. મિત્રો સાથે કોઈપણ રમત રમવાની વાત હોય કે કોઈ પણ કાર્યક્રમ સૌથી આગળ "વિજય" હોય. ગ્રેજ્યુએશન રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં કર્યું. આ જ કોલેજમાં તેઓ જનરલ સેક્રેટરી (G S) બન્યાં. બસ, તે દિવસોથી લઈ આજ સુધી તેઓનો કરિયર ગ્રાફ આકાશને આંબતો ઊંચેને ઊંચે જતો જોવા મળ્યો.

B.A. L.L.B. સુધીનો તેઓએ અભ્યાસ કર્યો. અભ્યાસ સાથે મહાપુરુષોના જીવન ચરિત્રોનું વાંચન કરતાં.

૧૯૭૬ માં વિજયભાઈના જીવનમાં ટર્નિંગ પોઈંટ આવ્યો. તે સમયના વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી. યુવાનીના ઉંબરે પગ મૂકેલા "વિજય" ને થયું કે... "લોકો દ્વારા, લોકો માટે, લોકો થકી ચાલતી શું આ લોકશાહી છે?"

તેઓએ મનમાં ગાંઠ વાળી કે આ દેશ માટે મારે કાંઈક કરવું છે.

લોકશાહીને બચાવવા તેઓ રાજકોટની શેરી અને રસ્તા ઉપર લોકોને જગાડવા ઉતરી આવ્યાં. વજુભાઈ વાળા, સ્વ.અરવિંદભાઈ મણિયાર, શ્રી ચીમનભાઈ શુકલ, શ્રી પ્રવીણ કાકા, જ્યોતિન્દ્રભાઈ મહેતા (મામા), વડીલ બંધુ પ્રવિણભાઈ રૂપાણી વગેરે અનેક સનિષ્ઠ કાર્યકરો સાથે વિજયભાઈ રૂપાણીની પણ ધરપકડ થઈ. એક-બે નહીં પરંતુ બાર-બાર મહિના કારાવાસ ભોગવ્યો. એ દિવસોનું સ્મરણ કરતાં વિજયભાઈ કહે છે કે જેલમાં સાથે રહેલા વડીલો પાસે જીવનનો બોધપાઠ શીખવા મળ્યો.

૧૯૮૭ માં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં લોકોની લાગણીને માન આપી કારકિર્દીની સૌ પ્રથમ ચૂંટણી લડ્યા અને જંગી બહુમતીથી વિજયી પણ થયા. સતત બે ટર્મ સુધી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન બન્યાં. રાજકોટના પ્રથમ નાગરીક એટલે કે મેયર પદે આરુઢ થઈ શહેરના વિકાસમાં મહત્તમ યોગદાન આપ્યું. તેઓ કહેતા કે સરકારમાંથી ગ્રાન્ટ મેળવવા સરળતા રહે તે માટે કો-ઓર્ડીનેશન હોવું જોઈએ. તેઓ ગુજરાત ફિનાન્સ બોર્ડના ચેરમેન થયા. ગુજરાતની દરેક મહાનગર પાલિકાઓના સર્વાંગી વિકાસમાં નિમિત્ત બન્યાં.

વડાપ્રધાન મોદી સાહેબ વારંવાર કહે છે કે ટેરેરીઝમ નહીં ટુરીઝમ વધારો. વિજયભાઈએ ગુજરાત ટુરીઝમના ચેરમેન પદે કાબિલેતારીફ કામગીરી કરી વિશ્વના અનેક પર્યટકોને ગુજરાતમાં બોલાવી આન, બાન, શાનના દર્શન કરાવેલ.

કોઠાસૂઝ અને કઠોર પરિશ્રમથી વિજયભાઈ દાખલારૂપ નોંધપાત્ર પ્રગતિ કરતાં ગયાં.

૨૦૦૬ થી ૨૦૧૨ સુધી તેઓ રાજ્યસભાના સભ્ય બની ઉપલી સભા સંસદમાં ગુજરાતના પ્રાણ પ્રશ્નોને વાચા આપી અનેક પ્રશ્નો હલ કર્યા.

ગુજરાત સરકારમાં સંકલ્પ પત્ર અમલીકરણ સમિતિના ચેરમેન પદે અનેક પ્રકલ્પો સફળતાપૂર્વક સાકાર કર્યા. વિજયભાઈ સંગઠનના રાજા કહેવાય છે.

અનુભવી રાજકારણીઓ કહે છે કે સંગઠન એ સૌથી અઘરો વિષય! અઘરા વિષયને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને પ્રદેશ અધ્યક્ષ પદે આરૂઢ થઈ સહેલાઈથી "સૌનો સાથ સૌનો વિકાસ" સૂત્રને ચરિતાર્થ કર્યું.

તેઓ પક્ષના પ્રદેશ પ્રવક્તા પદે બેનમૂન કામગીરી કરી. ગઢડા હોય કે ગાંધીનગર, જુનાગઢ હોય કે જેતપુર દરેક કાર્યકરોને અને જાહેર જીવનના અગ્રણીઓને નામથી ઓળખે. ગુજરાતના તમામ જીલ્લા, શહેરો, તાલુકા, ગામડાઓ ઉપર તેમની નજર હોય. કોઈપણ ખૂણે બનેલા રાજકીય બનાવ ઉપર ધ્યાન હોય. દરેક બાબતોનું ચિંતન, મંથન કરે, એટલે જ કહેવાય છે કે કાર્યકરોના નાડનો ધબકાર એટલે વિજયભાઈ રૂપાણી.

**કાર્યકરોના નાડનો ધબકાર એટલે વિજયભાઈ રૂપાણી...**

સમગ્ર ભારતભરમાં એક માત્ર એવી એક સંસ્થા છે કે જે સમાજના છેવાડાના, કચરો વીણતા બાળકો, ઝૂપડપટ્ટીના લોકોનું કેમ કલ્યાણ થાય, આવા લોકોનું ઉત્થાન અને ઉત્કર્ષ થાય તેવી સદ્ પ્રવૃત્તિ કરતી સંસ્થા એટલે "પૂજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ". આ સેવાભાવી ટ્રસ્ટના વિજયભાઈ સ્થાપક ચેરમેન છે. ટ્રસ્ટના માધ્યમથી અનેક સેવાકાર્યો થઈ રહ્યાં છે. કહેવાય છે કે દરેક સફળ પુરુષ પાછળ તેની પત્નીનો નોંધપાત્ર સહકાર હોય છે. વિજયભાઈના ધર્મ પત્ની અંજલીબેન પણ ધાર્મિક, સામાજીક, સેવાકીય, રાજકીય દરેક કાર્યમાં સરાહનીય સહયોગ પ્રદાન કરે છે.

૨૦૧૪ માં માનનીય શ્રી વજુભાઈ વાળાની કર્ણાટક રાજ્યના ગવર્નર પદે નિમણૂંક થવાથી રાજકોટ (૨) વિધાનસભાની સીટ ખાલી થઈ. પક્ષના આદેશને શિરોધાર્ય કરી પ્રતિષ્ઠાભર્યા જંગમાં વિજયભાઈએ ઝંપલાવ્યું. ચૂંટણી સભાઓમાં વિજયભાઈ કહેતા કે જયાંથી આદરણીય અરવિંદભાઈ મણિયાર, વજુભાઈ વાળા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લડ્યા હોય એ જ વિધાનસભા સીટનુ પ્રતિનિધિત્વ કરવાનો સુઅવસર આવે એ મારા માટે ગર્વ અને ગૌરવની ક્ષણ છે. બબ્બે વખત વિજયભાઈ આ સીટ ઉપરથી વિશાળ મતોથી વિજયી થયા અને ગુજરાતના મુખ્ય મંત્રી પદે આરૂઢ થઈ શ્રેષ્ઠ અને બેસ્ટ કામગીરી કરેલ.

વિજયભાઈ કહે છે કે સફળતા કયારેય એકાએક મળતી નથી. એની પાછળ વર્ષોની મહેનત અને જહેમત ધરબાયેલી હોય છે. નિષ્ઠાપૂર્વક જવાબદારી વહન કરો એટલે નામ તો આપોઆપ પાછળ દોડતું આવશે. ૬૮ વર્ષની ઉંમર અને ૪૫ વર્ષના જાહેર જીવનના કાર્યકાળ દરમ્યાન તેઓએ પ્રગતિ કરી દરેક ક્ષેત્રે ડંકો વગાડ્યો છે.

કર્તૃત્વ, મૂલ્ય નિષ્ઠ સિદ્ધાંતો તેમજ પોતાની આગવી કોઠાસૂઝના ત્રિવેણી સંગમ એટલે આદરણીય શ્રી વિજયભાઈ રૂપાણી..



આધુનિક રાજકોટના શિલ્પી એટલે વિજયભાઈ રૂપાણી. આજી રીવર ફ્રન્ટ, લોક વિજ્ઞાન કેન્દ્ર, ચાર શોપિંગ સેન્ટર, માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ રેસકોર્સ ખાતે, ખીરસરા જીઆઈડીસી, ઈનડોર સ્ટેડિયમ, રાજકોટ અમદાવાદ વચ્ચે સિક્સ લેન રોડ વગેરે અનેક આધુનિક પ્રોજેક્ટો નિર્માણ કરી રાજકોટના આધુનિક શિલ્પી રહ્યા હતા.

૧૯૭૫ માં જયપ્રકાશ નારાયણની સભા બાદ પોતે પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. ભ્રષ્ટ સરકાર સામે ચાલતી લડત અને નવનિર્માણ આંદોલનમાં જયપ્રકાશ નારાયણની સભા રાજકોટમાં બોલાવેલ તેમાં શાસ્ત્રી મેદાન ખાતે ૧,૦૦,૦૦૦ ની મેદની એકત્ર થઈ હતી. આ સભાના આયોજનની ભૂમિકા તેમની રહી હતી. ત્યારથી તેઓ વિદ્યાર્થી નેતા તરીકે ઉભરી આવ્યા હતા અને પોતાની જનશક્તિનો પરચો દેખાઈ રહ્યો હતો.

તેમની એક વિશેષતા એ રહી હતી કે સત્તા અને સંગઠન બંનેમાં ટોચના હોદ્દા ઉપર રહ્યા છતાં લોકો સાથે તેમનો આત્મીયતાનો નાતો અકબંધ રહ્યો હતો. તેઓએ જ્યાં માનવી ત્યાં સુવિધા, વિવાદ નહીં સંવાદ, લઘુતમ સાધનોનો મહત્તમ ઉપયોગ, આ તમામ બાબતો પોતાના કાર્યોમાં સાર્થક કરેલ છે.

# રાજકોટમાં રવિવારે વેદ મહોત્સવનું આયોજન


## પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે વ્યવહારમાં વેદ વિષય પર ચાર કલાકનું વિશેષ પ્રવચન

સિટી ન્યૂઝ@રાજકોટ

વૈદિક મહાસભા દ્વારા આગામી ૧૪ જૂન, રવિવારના રોજ રૈયા રોડ સ્થિત પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે વેદ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન વ્યવહારમાં વેદ વિષય પર જાણીતા વેદ વિદ્વાન અને વૈદિક મહાસભાના પ્રમુખ અધ્યેતા સુરેશચંદ્ર આર્ય દ્વારા વિશેષ પ્રવચન આપવામાં આવશે. વૈદિક મહાસભાની યાદી મુજબ બપોરે ૨:૩૦ થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી યોજાનાર આ કાર્યક્રમમાં શહેર અને રાજ્યના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો સહિત એક હજારથી વધુ લોકો ઉપસ્થિત રહે તેવી સંભાવના છે. સુરેશચંદ્ર આર્યએ જણાવ્યું હતું કે માનવ જીવનને સુવ્યવસ્થિત અને સફળ બનાવવા માટે વેદોમાં માર્ગદર્શક તત્ત્વો સમાયેલાં છે. આ તત્ત્વોને સામાન્ય જનજીવન સાથે સાંકળીને સરળ ભાષામાં રજૂ કરવાનો પ્રયાસ વ્યવહારમાં વેદ કાર્યક્રમમાં કરવામાં આવશે. વૈદિક મહાસભા દ્વારા છેલ્લા અઢી દાયકાથી રાજકોટમાં વેદ,



ઉપનિષદ અને દર્શનશાસ્ત્રોના પ્રચાર-પ્રસાર માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તેમાં સાપ્તાહિક સત્સંગ, વિદ્યાર્થી શિબિરો, વેદકથાઓ અને વૈદિક સંસ્થાઓના અભ્યાસ પ્રવાસનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. ઉપરાંત સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો ભાનુબેન બાબરિયા, રમેશભાઈ ટીલાળા અને જયેશભાઈ રાદડિયા, મેયર ડો. નેહલ શુક્લ, પૂર્વ ધારાસભ્ય



પ્રવીણભાઈ માકડીયા, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, એન્જિનિયરિંગ ક્ષેત્રના અગ્રણી નરેન્દ્રભાઈ પાચાણી, નરેન્દ્રસિંહ જાડેજા, અમૃતભાઈ ગઢિયા, સમાજ અગ્રણીઓ ગોવિંદભાઈ ખુંટ, જયરામભાઈ વાસજાળીયા તેમજ શીખ સમાજના અગ્રણી હરિસિંહ સુચરિયા ઉપસ્થિત રહેવાના છે. કાર્યક્રમ દરમિયાન વૈદિક સાહિત્યનું પ્રદર્શન અને વેચાણ તેમજ જ્ઞાનવર્ધક પત્રિકાઓના વિતરણની પણ વ્યવસ્થા કરવામાં આવશે.



# જાનકી સહિયર વૃંદનું અધિક માસ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ

સિટી ન્યૂઝ@જૂનાગઢ

અધિક માસ નિમિત્તે રાયજીબાગ સ્થિત નાગેશ્વર મંદિર ખાતે રાયજીબાગ સત્સંગ મંડળ દ્વારા ભક્તિમય વાતાવરણમાં “લાલાને લાડ લડાવો” ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેતનાબેન મિશ્રાણીના માર્ગદર્શન હેઠળ કાર્યરત મહિલા સંસ્થામાં હાલમાં ૭૫ બહેનો સભ્ય તરીકે જોડાયેલી છે. અગિયારસના પાવન પ્રસંગે યોજાયેલા આ કાર્યક્રમમાં રશ્મિબેન વિઠલાણી અને તેમની ટીમ દ્વારા કૃષ્ણ જન્મ, બાળલીલા, માખણ લીલા, રાધા-કૃષ્ણ લીલા, મથુરા ગમન તથા ગૌચરણ લીલા જેવા પ્રસંગોની જીવંત રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આબેહૂબ વ્રજધામનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેને બહેનો દ્વારા ખૂબ પ્રશંસા મળી હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બહેનોનું કારોબારી સભ્યો દ્વારા કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જાનકી સહિયર વૃંદ દ્વારા ઉપસ્થિત મહિલાઓને સ્ટીલની આકર્ષક વોટર બોટલ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આશરે ૧૦૦થી વધુ મહિલા ભક્તોએ કાર્યક્રમનો લાભ લીધો હતો. પ્રસંગે વેલકમ ડ્રિંક તરીકે દાવતની સોડા પીરસવામાં આવી હતી. અંતે ફરાળી અલ્પાહાર, ચેવડો, માંડવી પાક તેમજ પ્રસાદીના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ચંદ્રકાંતભાઈ સવાણી, ભારતીબેન ધીયા, ભાવનાબેન અઢિયા, નીલાબેન લાખાણી, ચેતનાબેન મિશ્રાણી, નીલાબેન વસાણી અને જયશ્રીબેન ગોટેચા સહિતના અગ્રણીઓનો સહયોગ મળ્યો હતો. સભાનું સંચાલન અલકાબેન ઠક્કરે કર્યું હતું. જ્યારે જયશ્રીબેન ચૌહાણ, અલકાબેન પરમાર, મીરાબેન રૂપારેલિયા, ભાવિકાબેન કોટેચા, સ્વાતિબેન મિશ્રાણી, શ્વેતાબેન મિશ્રાણી અને આરતીબેન કારીયા સહિતના કારોબારી સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# APM ટર્મિનલ્સ પીપાવાવને વૈશ્વિક સ્તરે 28મો ક્રમ

## ભારતનું સૌથી ઉચ્ચ ક્રમાંક ધરાવતું ખાનગી કન્ટેનર પોર્ટ, CPPI-2025માં નોંધપાત્ર સિદ્ધિ

સિટી ન્યૂઝ@પીપાવાવ

APM ટર્મિનલ્સ પીપાવાવે કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ (CPPI) ૨૦૨૫માં વૈશ્વિક સ્તરે ૨૮મો ક્રમ મેળવી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે પીપાવાવ ભારતનું સૌથી ઉચ્ચ ક્રમાંક ધરાવતું ખાનગી કન્ટેનર પોર્ટ અને દેશનું બીજું શ્રેષ્ઠ પ્રદર્શન કરતું કન્ટેનર પોર્ટ બન્યું છે.

વર્લ્ડ બેંક અને એસએન્ડપી ગ્લોબલ માર્કેટ ઇન્ટેલિજન્સ દ્વારા સંયુક્ત રીતે પ્રકાશિત CPPI રેન્કિંગમાં પીપાવાવે ૯૨.૬નો સ્કોર મેળવ્યો છે. આ સ્કોર પોર્ટની કાર્યક્ષમતા, જહાજોની ઝડપી અવરજવર, વિશ્વસનીય સેવાઓ અને ગ્રાહકકેન્દ્રિત કામગીરીને પ્રતિબિંબિત કરે છે.

છેલ્લા છ વર્ષ દરમિયાન પીપાવાવ પોર્ટે પોતાના CPPI સ્કોરમાં સતત સુધારો નોંધાવ્યો છે. વર્ષ ૨૦૨૦માં ૭૮ રહેલો સ્કોર વધીને વર્ષ ૨૦૨૫માં



૯૨.૬ સુધી પહોંચ્યો છે, જે સંચાલકીય ઉત્કૃષ્ટતા, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રક્રિયાગત સુધારા અને ગ્રાહક સેવામાં થયેલી પ્રગતિનું પરિણામ માનવામાં આવે છે.આ સિદ્ધિ અંગે APM ટર્મિનલ્સ પીપાવાવના મેનેજિંગ ડિરેક્ટર ગિરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ સફળતા કર્મચારીઓની સમર્પિત કામગીરી, ગ્રાહકોના વિશ્વાસ અને મેરિટાઇમ-લોજિસ્ટિક્સ ક્ષેત્રની મજબૂત ભાગીદારીનું પ્રતિબિંબ છે. તેમણે જણાવ્યું કે સુરક્ષા, ઓપરેશનલ ઉત્કૃષ્ટતા અને સતત સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરીને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

પીપાવાવ પોર્ટની કામગીરી જહાજોની ઉત્પાદકતા, ડિજિટલાઇઝેશન, ઓપરેશનલ વિશ્વસનીયતા અને પ્રક્રિયાગત કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. આ સિદ્ધિ સાથે APM ટર્મિનલ્સ પીપાવાવે ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર માટેના મહત્વપૂર્ણ ગેટવે તરીકે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે.

ભારતના વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના સતત વિકાસને ધ્યાનમાં રાખીને APM ટર્મિનલ્સ પીપાવાવ સુરક્ષિત, કાર્યક્ષમ, ટકાઉ અને ગ્રાહકકેન્દ્રિત પોર્ટ સેવાઓ દ્વારા દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# રાજકોટમાં પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અને સાંસદો વચ્ચે મહત્વપૂર્ણ બેઠક

## નવી ટ્રેનો, સ્ટોપેજ, રૂટ વિસ્તરણ અને રેલવે પ્રોજેક્ટ્સ અંગે વિગતવાર ચર્ચા

**સિટી ન્યૂઝ@રાજકોટ**




પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (જનરલ મેનેજર) રામાશ્રય પાંડેની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે રાજકોટ અને ભાવનગર ડિવિઝનના સંસદીય વિસ્તારોના માનનીય સાંસદો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન રેલવેને લગતા વિવિધ પ્રશ્નો, નવી ટ્રેનો, સ્ટોપેજ, રૂટ વિસ્તરણ, ટ્રેનોના ફેરા વધારવા તેમજ માળખાકીય વિકાસના પ્રોજેક્ટ્સ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકની શરૂઆતમાં મહાપ્રબંધક પાંડેએ ઉપસ્થિત સાંસદોનું સ્વાગત કરી રાજકોટ અને ભાવનગર ડિવિઝનમાં મુસાફરોને ઉપલબ્ધ કરાવવામાં આવેલી નવી સુવિધાઓ અને રેલવેની તાજેતરની સિદ્ધિઓ અંગે માહિતી આપી હતી. ત્યારબાદ સાંસદોએ પોતાના સંસદીય વિસ્તારોની રેલવે સંબંધિત માંગણીઓ અને પ્રશ્નો રજૂ કરી મૂલ્યવાન સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં રાજકોટ અને ભાવનગર ડિવિઝનના કાર્યક્ષેત્રના કુલ છ સાંસદોએ ભાગ લીધો હતો. જેમાં પરષોત્તમભાઈ રૂપાલા, પૂનમબેન માડમ, રામભાઈ મોકરીયા, કેસરીદેવસિંહ ઝાલા, રાજેશભાઈ ચુડાસમા અને ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સાંસદ ચંદુભાઈ શિહોરાના પ્રતિનિધિ પણ બેઠકમાં જોડાયા હતા.

બેઠકમાં રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીના, ભાવનગર ડિવિઝનના DRM દિનેશ વર્મા તેમજ પશ્ચિમ રેલવેના અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નાયબ મહાપ્રબંધક (જનરલ) ઉજ્જવલ દેવે કર્યું હતું.

મહાપ્રબંધક પાંડેએ બેઠક દરમિયાન જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે પોતાના કાર્યક્ષેત્રમાં મુસાફરોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને માળખાકીય વિકાસના કાર્યો ઝડપથી પૂર્ણ કરવા માટે સતત પ્રયત્નશીલ છે. હાલમાં ચાલી રહેલા વિવિધ મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સ અંગે પણ તેમણે સાંસદોને માહિતગાર કર્યા હતા.

માનનીય સાંસદોએ પોતાના વિસ્તારોમાં ચાલી રહેલા રેલવે વિકાસકાર્યોની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને મુસાફરોની સુવિધામાં વધુ વધારો થાય તે માટે વિવિધ રજૂઆતો પણ કરી હતી. બેઠકમાં રજૂ થયેલા મુદ્દાઓના હકારાત્મક નિરાકરણ માટે રેલવે તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વિશ્વ રક્તદાતા દિવસઃ એક યુનિટ રક્તદાનથી ત્રણ જીવ બચી શકે

## રક્તદાન અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી વધુમાં વધુ લોકો આગળ આવે : બડા બજરંગ ફાઉન્ડેશન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દર વર્ષે ૧૪ જૂનના રોજ વિશ્વભરમાં વિશ્વ રક્તદાતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઓસ્ટ્રિયન વૈજ્ઞાનિક કાર્લ લેન્ડસ્ટેઇનરના જન્મદિવસ નિમિત્તે ઉજવાય છે, જેમણે રક્તના વિવિધ ગ્રૂપોની શોધ કરીને વૈશ્વિક આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમના આ કાર્ય બદલ તેમને નોબેલ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

તબીબી નિષ્ણાતોના જણાવ્યા મુજબ રક્ત માનવ જીવન માટે ઓક્સિજન જેટલું જ જરૂરી છે. A+, B+, O+, AB+ તેમજ A-, B-, O- અને AB- જેવા મુખ્ય રક્તગ્રૂપો માનવ શરીરમાં જોવા મળે છે. ૧૮થી ૬૦ વર્ષની ઉંમર, ૫૦ કિલોથી વધુ વજન અને ૧૨.૫ ટકા કે તેથી વધુ હિમોગ્લોબીન ધરાવતી વ્યક્તિ રક્તદાન કરી શકે છે. પુરુષો દર ૯૦ દિવસે અને મહિલાઓ દર ૧૨૦ દિવસે નિયમિત રક્તદાન કરી શકે છે. રક્તદાન અંગે સમાજમાં અનેક ગેરમાન્યતાઓ પ્રચલિત છે, પરંતુ તબીબી રીતે રક્તદાન કરવાથી શરીરમાં કોઈ નબળાઈ આવતી નથી. ઉલટાનું રક્તદાનથી શરીરમાં નવું રક્ત બને છે, આરોગ્યની તપાસ થાય છે અને અનેક આરોગ્યલક્ષી લાભો પણ મળે છે. એક યુનિટ રક્તમાંથી અલગ-અલગ ઘટકો તૈયાર થતાં ત્રણ જેટલા દર્દીઓને જીવનદાન મળી શકે છે. રાજકોટમાં કાર્યરત બડા બજરંગ ફાઉન્ડેશન છેલ્લા ઘણા વર્ષોથી રક્તદાતા ગ્રૂપ મારફતે સેવાકીય કામગીરી કરી રહ્યું છે. ખાસ કરીને રાજકોટ જિલ્લામાં રહેતા ૭૦૦થી વધુ થેલેસેમિયા મેજર બાળકોને સમયસર રક્ત ઉપલબ્ધ થાય તે માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. રક્તદાન કેમ્પોનું આયોજન, રક્તદાતાઓનું નેટવર્ક અને જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવા જેવી કામગીરી સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

ફાઉન્ડેશનના પ્રમુખ કલ્પેશભાઈ ગમારા અને મંત્રી વિજયભાઈ પુનવાણીએ જણાવ્યું હતું કે, "રક્તદાન દ્વારા આપેલું રક્ત શરીરમાં ૨૪ કલાકમાં ફરીથી બનવા લાગે છે, પરંતુ રક્તના અભાવે કોઈ વ્યક્તિનું જીવન જતું રહે તો તેને પાછું લાવી શકાતું નથી. તેથી દરેક સ્વસ્થ વ્યક્તિએ નિયમિત રક્તદાન માટે આગળ આવવું જોઈએ." રક્તદાન કરવા અથવા રક્તની જરૂરિયાત અંગે મદદ મેળવવા માટે કલ્પેશભાઈ ગમારા (મો. 8128888835) અને વિજયભાઈ પુનવાણી (મો. 9426509996)નો સંપર્ક કરી શકાય છે. રક્તદાનને માત્ર એક દિવસ પૂરતું મર્યાદિત ન રાખતા તેને રોજિંદી માનવસેવાના સંકલ્પ સાથે જોડવાની જરૂર હોવાનું સંસ્થાએ જણાવ્યું છે.



# સાદગી અને વિકાસના પ્રતીક હતા વિજયભાઈ રૂપાણી : ચેતન રામાણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભાજપના આગેવાન ચેતનભાઈ રામાણીએ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું કે વિજયભાઈ રૂપાણી સાદગી, સંવેદનશીલતા, સેવાભાવ અને વિકાસપ્રત્યેની પ્રતિબદ્ધતાના પ્રતીક હતા. કાર્યકરથી લઈને મુખ્યમંત્રી સુધીની તેમની સફર પરિશ્રમ, નમ્રતા અને સંગઠન પ્રત્યેના સમર્પણનું ઉત્તમ ઉદાહરણ રહી હતી. રાજકોટના વિકાસ, રાજ્યના સર્વાંગી વિકાસ અને કોરોના કાળ દરમિયાન તેમના નેતૃત્વને યાદ કરતાં ચેતનભાઈએ જણાવ્યું કે વિજયભાઈના વિચારો, મૂલ્યો અને કાર્યશૈલી આવનારી પેઢી માટે પ્રેરણારૂપ રહેશે. તેમણે તેમના આત્માને શાંતિ મળે અને પરિવારજનોને આ દુખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના પણ કરી હતી.

# રાજકોટ એસ.ટી. બસપોર્ટ પર ફરિયાદ બુક ન અપાતા મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત

## મુસાફર હિતરક્ષક સમિતિના પ્રતિનિધિએ તુમારશાહીનો આક્ષેપ કરી કાર્યવાહી કરવાની માંગ કરી

સિટી ન્યૂઝ@રાજકોટ


ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિના અમરેલી જિલ્લાના પ્રતિનિધિ પ્રતાપભાઈ વાળાએ રાજકોટ એસ.ટી. બસપોર્ટ ખાતે ફરિયાદ બુક ઉપલબ્ધ ન કરાવવાના મુદ્દે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ તા. ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ રાજકોટ એસ.ટી. બસપોર્ટ ખાતે પ્લેટફોર્મ નંબર-૩ પર ઉભેલી વેરાવળ ડેપોની સોમનાથ-ગાંધીનગર રૂટની બસ (નંબર GJ-૧૮-Z-૮૬૦૧)ના આગળના મુખ્ય કાચમાં અનેક તિરાડો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. લાંબા અંતરની મુસાફરી કરતી આ બસ રાત્રિના સમયે




પણ નેશનલ હાઈવે પર દોડતી હોવાથી તૂટેલા કાચના કારણે અકસ્માતની સંભાવના હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પ્રતાપભાઈ વાળાના જણાવ્યા મુજબ તેમણે તાત્કાલિક જુનાગઢ વિભાગીય નિયામક અને વેરાવળ ડેપો મેનેજરને આ બાબતે જાણ કરી કાચ બદલવા રજૂઆત કરી હતી. ત્યારબાદ મુસાફરો માટે નિર્ધારિત ફરિયાદ બુકમાં નોંધ કરવા માટે રાજકોટ બસપોર્ટ ખાતે ફરજ પર રહેલા ટ્રાફિક કંટ્રોલર પાસે ફરિયાદ બુક માંગવામાં આવી હતી, પરંતુ ફરિયાદ બુક આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. આ અંગે ડેપો મેનેજર દ્વારા પણ ફરિયાદ



બુક ન આપવાની સૂચના હોવાનો જવાબ મળ્યો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

આ ઘટનાને પગલે તા. ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ રાજકોટ વિભાગીય નિયામક એમ.પી. રાજને લેખિત ફરિયાદ કરવામાં આવી હતી અને ફરિયાદ બુક ન આપનાર જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, રજૂઆત મુજબ આ ફરિયાદ પર કોઈ કાર્યવાહી ન થતાં મામલો તુમારશાહીનો ભોગ બન્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અંતે પ્રતાપભાઈ વાળાએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં આ મુદ્દે લેખિત રજૂઆત કરી તત્કાલીન ડેપો મેનેજર અને ટ્રાફિક કંટ્રોલર સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિએ મુસાફરોની ફરિયાદો સાંભળવા અને તેનો યોગ્ય નિકાલ કરવા માટે નિગમ દ્વારા નક્કી કરાયેલી વ્યવસ્થાનું પાલન થાય તે માટે જવાબદાર અધિકારીઓ સામે જરૂરી પગલાં ભરવાની પણ માંગ કરી છે.



# દિવ્યતા અને ભક્તિનો સંગમ: રાજકોટ બાલાજી હનુમાનજી મહારાજને અદ્ભુત પુષ્પ શણગાર

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ સ્થિત બાલાજી હનુમાનજી મંદિરે મહાપ્રતાપી બાલાજી દાદાને આજે શનિવારના પવિત્ર દિવસે ભવ્ય અને અદ્ભુત પુષ્પ શણગારથી શોભાયમાન કરવામાં આવ્યા છે. રંગબેરંગી ફૂલો અને કમળાકાર કલાત્મક સજાવટથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ઝળહળી ઉઠ્યું હતું. બાલાજી દાદાના આ દિવ્ય શણગારના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ભક્તોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી આજે દાદાની સંધ્યા આરતીમાં હજારો ભક્તો જોડાશે તેમજ દર્શનાથે આવતા ભક્તોએ સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થનાઓ અર્પણ કરી હતી. દિવ્ય શણગાર અને ભક્તિભાવના આ અનોખા સંગમે ભક્તજનોને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવી હતી

### ધર્મ : અમરેલી નજીક ગાંગડીયા નદી કાંઠે આવેલું અંટાળેશ્વર મહાદેવ તીર્થધામ

# સૌરાષ્ટ્રની આસ્થાનું કેન્દ્ર અંટાળેશ્વર મહાદેવ મંદિર

**250 વર્ષ જૂના ચમત્કાર સાથે જોડાયેલો ઈતિહાસ, શ્રાવણ માસમાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટે છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રમાં આવેલા અનેક પ્રાચીન શિવ મંદિરોમાં અમરેલી જિલ્લાના અંટાળેશ્વર મહાદેવ તીર્થધામનું વિશેષ સ્થાન છે. અમરેલીથી આશરે ૨૦ કિલોમીટર દૂર લાઠી-લીલીયા માર્ગ પર અંટાળીયા ગામ નજીક ગાંગડીયા નદીના કાંઠે આવેલું આ તીર્થધામ શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે.

અંટાળેશ્વર મહાદેવ મંદિર સાથે એક રસપ્રદ લોકવાયકા અને પ્રાચીન ઈતિહાસ જોડાયેલો છે. વર્ષો પહેલાં આ વિસ્તાર વિશાળ બીડ તરીકે ઓળખાતો હતો, જ્યાં ગોપાલકો પોતાના પશુધનને ચરાવવા લાવતા હતા. કહેવાય છે કે એક ગાય દરરોજ દૂધ વગર ઘરે પરત ફરતી હતી. આ બાબતની તપાસ કરવા ગોપાલકે ગાયનો પીછો કર્યો હતો. લોકવાયકા અનુસાર ગાય અંટાળીયા ટીંબા તરીકે ઓળખાતા સ્થળે જઈ ઊભી રહેતી અને તેના આંચળમાંથી દૂધની ધારા આપમેળે જમીન પર વહેતી હતી. ગોપાલકે નજીક જઈ તપાસ કરતાં એક પથ્થર પાસે નાગદેવતા દેખાયા હતા. બાદમાં કેટલાક લોકોએ પથ્થર પર પ્રહાર કરતાં તેમાંથી લોહી નીકળ્યું હોવાનું કહેવાય છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચમત્કારની ચર્ચા ફેલાઈ હતી.

આ ઘટના અંગે જાણ થતાં એક અવધૂત સંત સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે આ સ્થળને ભગવાન શિવનું પવિત્ર સ્થાન ગણાવી અહીં શિવલિંગની સ્થાપના કરાવી હતી. ત્યારબાદ અંટાળેશ્વર મહાદેવ તીર્થધામ તરીકે આ સ્થાન વિકસતું ગયું.

હાલમાં અંટાળેશ્વર મહાદેવ મંદિર સૌરાષ્ટ્રના મહત્વના ધાર્મિક કેન્દ્રોમાં સ્થાન ધરાવે છે. અહીં દરરોજ સવાર અને સાંજે ભગવાન શિવને ભોગ ધરાવવામાં આવે છે અને પ્રસાદરૂપે ગૌસેવા પણ કરવામાં આવે છે.

મંદિર ટ્રસ્ટ દ્વારા યાત્રાળુઓ માટે ૨૪ કલાક અન્નક્ષેત્રની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાથે રહેવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રાવણ માસ, મહાશિવરાત્રી અને દિવાળીના દિવસોમાં અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પહોંચે છે. વર્ષ દરમિયાન શૈક્ષણિક પ્રવાસો અને ધાર્મિક યાત્રાઓનું પણ આયોજન થતું રહે છે.

અંટાળેશ્વર મહાદેવ તીર્થધામ રાજકોટથી આશરે ૧૧૬ કિલોમીટર, અમદાવાદથી ૨૩૦ કિલોમીટર, અમરેલીથી ૨૦ કિલોમીટર અને સુરતથી ૪૬૩ કિલોમીટર દૂર આવેલું છે. ખાનગી વાહન તેમજ સ્થાનિક પરિવહન વ્યવસ્થા દ્વારા અહીં સરળતાથી પહોંચી શકાય છે.



# જામનગર ડેન્ટલ કોલેજમાં ₹.1.36 કરોડના ચેક કૌભાંડથી ખળભળાટ

## રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી ૧૫ ચેક મારફતે રકમ ઉપડતા ડીનની ભૂમિકા અંગે ઉઠ્યા સવાલો

**સિટી ન્યૂઝ@જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજમાં રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી આશરે ૧.૩૬ કરોડની ઉચાપતના મામલે વહીવટી અને તબીબી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પ્રાથમિક તપાસમાં હંગામી કર્મચારી દ્વારા ૧૫ ચેક મારફતે રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાઈ હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ, આ તમામ ચેક પર સહી સત્તાધિકારી તરીકે ડીન ડો. નયના ખત્રીની સહી હોવાનું સામે આવ્યું છે. ડીન દ્વારા મીડિયા સમક્ષ જણાવાયું હતું કે ચેક રજૂ થતાં તેઓ હેડિંગની વિગતવાર ચકાસણી કર્યા વિના સહી કરતા હતા. આ નિવેદન બાદ તેમની વહીવટી જવાબદારી અંગે અનેક સવાલો ઊભા થયા છે.

પોલીસે તપાસના ભાગરૂપે બેંકમાંથી સંબંધિત ૧૫ ચેક મેળવી તેમની સહી અને દસ્તાવેજોની ખરાઈ માટે એફએસએલ (FSL)માં મોકલ્યા છે. બીજી તરફ, સમગ્ર મામલે એક હંગામી કર્મચારી સામે ગુનો નોંધાઈ તેની ધરપકડ કરવામાં આવી છે.

કાનૂની વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે કોલેજના વહીવટી વડા તરીકે ડીનની જવાબદારી શું હતી અને આટલી મોટી રકમના વ્યવહારો લાંબા સમય સુધી કેવી રીતે નજરમાંથી બહાર રહ્યા. કેટલાક વર્ગો દ્વારા એ પણ સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે કે કેસમાં ફરિયાદી તરીકે ડીન પોતે કેમ આગળ આવ્યા નથી.

આ સમગ્ર પ્રકરણમાં પોલીસ તપાસની દિશા અને જવાબદારો સામે થનારી કાર્યવાહી પર પણ નજર મંડાઈ છે. વિપક્ષી અને સામાજિક વર્તુળોમાં માંગ ઉઠી રહી છે કે મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરીને જો કોઈ અન્ય વ્યક્તિની સંડોવણી હોય તો તેની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે.

હાલ તપાસ ચાલુ છે અને એફએસએલ રિપોર્ટ તથા પોલીસ તપાસ બાદ વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે. આ કેસમાં જવાબદારી નક્કી કરવા અને સરકારી નાણાંની સુરક્ષા સંબંધિત પ્રશ્નો હવે ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે.

### ધર્મ વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશને સાળંગપુર મંદિર ટ્રસ્ટ સમક્ષ અનેક પ્રશ્નો ઉઠાવ્યા

# ભગવાન હનુમાન પર કોઈ એકાધિકાર સ્વીકાર્ય નહીં

## કષ્ટભંજન સહિત ધાર્મિક પ્રતિકો પર ટ્રેડમાર્ક મુદ્દે હેમાંગ રાવલનો વિરોધ, વિગતો જાહેર કરવાની માંગ

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન ચેરમેન શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે તાજેતરમાં સાળંગપુર સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર દ્વારા "કિંગ ઓફ સાળંગપુર" પ્રતિમા, વિવિધ ધાર્મિક પ્રતિકો, નામો, ઓળખ અને સંબંધિત બાબતો માટે કૉપિરાઈટ તથા ટ્રેડમાર્ક મેળવ્યાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ સમગ્ર સનાતન હિંદુ સમાજમાં ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનનું માનવું છે કે ભગવાન હનુમાન, તેમના પ્રાચીન વિશેષણો, ધાર્મિક પ્રતિકો, મૂર્તિઓ, પ્રસાદ અને સનાતન પરંપરાઓને ખાનગી બૌદ્ધિક સંપત્તિ તરીકે રજૂ કરવાનો કોઈપણ પ્રયાસ સમગ્ર સનાતન હિંદુ સમાજ માટે ચિંતાજનક છે. ભગવાન હનુમાનનું વર્ણન માત્ર રામાયણમાં જ નહીં પરંતુ મહાભારત, ભાગવત પુરાણ, વિષ્ણુ પુરાણ, પદ્મ પુરાણ, સ્કંદ પુરાણ, નારદ પુરાણ, બ્રહ્માંડ પુરાણ, અગ્નિ પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, અધ્યાત્મ રામાયણ, આનંદ રામાયણ, અદ્ભુત રામાયણ, રામચરિતમાનસ, હનુમાન ચાલીસા, હનુમાન ઉપનિષદ અને અસંખ્ય ધાર્મિક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. ભગવાન હનુમાન કોઈ એક ટ્રસ્ટ, સંસ્થા કે વ્યક્તિની રચના નથી, પરંતુ હજારો વર્ષોથી કરોડો હિંદુઓની શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર છે.

"કષ્ટભંજન", "સંકટમોચન", "બજરંગબલી", "મહાવીર", "રામદૂત", "પવનપુત્ર", "અંજનેય", "મારુતિ" અને અન્ય અનેક વિશેષણો સદીઓથી ભગવાન હનુમાન માટે વપરાતા આવ્યા છે. તે જ રીતે ભગવાન ગણેશ માટે "વિઘ્નહર્તા", ભગવાન શિવ માટે "ભોળેનાથ" અને ભગવાન કૃષ્ણ માટે "ગોપાલ" જેવા શબ્દો સમગ્ર હિંદુ સમાજની સામૂહિક ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહર છે. આવા શબ્દો કોઈ સંસ્થાએ સર્જેલા બ્રાન્ડ નથી, પરંતુ સનાતન ધર્મની જીવંત પરંપરાનો અભિન્ન ભાગ છે.

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન પ્રશ્ન ઉઠાવે છે કે જો આજે "કષ્ટભંજન" જેવા ધાર્મિક વિશેષણો અથવા તેની સાથે જોડાયેલા પ્રતિકો પર વિશિષ્ટ અધિકારનો દાવો કરવામાં આવશે, તો આવતીકાલે "સંકટમોચન", "બજરંગબલી", "વિઘ્નહર્તા", "સિદ્ધિવિનાયક", "ભોળેનાથ", "મહાદેવ", "ગોવિંદ" અને "ગોપાલ" જેવા અન્ય પ્રાચીન ધાર્મિક શબ્દો અંગે પણ સમાન દાવા થઈ શકે. શું સનાતન ધર્મના હજારો વર્ષ જૂના ધાર્મિક શબ્દો અને પ્રતિકો ધીમે ધીમે ખાનગી માલિકીના દાવા હેઠળ લઈ જવામાં આવશે?

આજે ગુજરાત, ભારત અને વિશ્વના અનેક દેશોમાં કષ્ટભંજન હનુમાનજીના મંદિરો આવેલી છે. લાખો ભક્તો પોતાના ઘરોમાં કષ્ટભંજન દેવની પ્રતિમાઓ સ્થાપિત કરે છે. હજારો મૂર્તિકારો આવી પ્રતિમાઓનું નિર્માણ કરે છે. જો કષ્ટભંજનદેવના નામ, પ્રતિકો, પ્રસાદ અથવા સ્વરૂપો અંગે કૉપિરાઈટ અને ટ્રેડમાર્કના દાવાઓ કરવામાં આવે છે, તો શું ભવિષ્યમાં અન્ય મંદિરો, મૂર્તિકારો, પ્રકાશકો, ભજન મંડળો અને ભક્તોને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડશે? શું અન્ય કષ્ટભંજન મંદિરોને પણ લાયસન્સ લેવું પડશે? આવા પ્રશ્નોના જવાબ સમગ્ર હિંદુ સમાજ માંગે છે.

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનનું માનવું છે કે પ્રસાદ કોઈ કોમર્શિયલ પ્રોડક્ટ નથી. પ્રસાદ ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક પરંપરાનું પ્રતિક છે. તે જ રીતે દેવતાઓના નામો, પ્રાચીન વિશેષણો અને ધાર્મિક પ્રતિકો કરોડો ભક્તોની સામૂહિક આસ્થાનો વિષય છે. તેથી આવા મુદ્દાઓને ટ્રેડમાર્ક અને કૉપિરાઈટના માધ્યમથી નિયંત્રિત કરવાનો કોઈપણ પ્રયાસ ધાર્મિક ક્ષેત્રમાં અનાવશ્યક વિવાદો ઊભા કરી શકે છે.



વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન સનાતન હિંદુ સમાજને યાદ અપાવવા માંગે છે કે આ પ્રથમ પ્રસંગ નથી જ્યારે સાળંગપુર મંદિરની પ્રવૃત્તિઓને લઈને વ્યાપક ચર્ચા અને વિવાદ ઊભો થયો હોય. વર્ષ ૨૦૨૩માં "કિંગ ઓફ સાળંગપુર" પ્રતિમાના પેડેસ્ટલ પર મૂકાયેલા કેટલાક ચિત્રોને લઈને સમગ્ર ગુજરાત અને દેશભરમાં વિરોધ થયો હતો. અનેક સંતો, હિંદુ સંગઠનો અને ભક્તોએ વાંધો ઉઠાવ્યો હતો કે તે ચિત્રોમાં ભગવાન હનુમાનને ભગવાન સ્વામિનારાયણના ભક્ત અથવા તેમના ચરણોમાં દર્શાવવામાં આવ્યા હતા. ભારે વિરોધ બાદ મંદિર સંચાલકોએ તે ચિત્રો દૂર કરવા પડ્યા હતા. તે ઘટનાએ સમગ્ર હિંદુ સમાજમાં એ પ્રશ્ન ઊભો કર્યો હતો કે શું સદીઓથી સ્વીકારાયેલી સનાતન પરંપરાઓ અને દેવતાઓની સ્થિતિ અંગે કોઈ એક સંસ્થા પોતાનું અર્થઘટન સર્વસ્વીકાર્ય બનાવવા માંગે છે?



હેમાંગ મહિપતરામ રાવલ
ચેરમેન
વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન
મો નં.- 9898233038

આજે કૉપિરાઈટ અને ટ્રેડમાર્કનો નવો વિવાદ સામે આવતાં ફરી એક વખત સમાજમાં એ જ ચિંતા વ્યક્ત થઈ રહી છે કે શું ભગવાન હનુમાન અને કષ્ટભંજનદેવ સાથે જોડાયેલી સનાતન પરંપરાઓને ધીમે ધીમે કોઈ એક સંસ્થાની વિશિષ્ટ ઓળખ અને નિયંત્રણ હેઠળ લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે?

ભારતીય બંધારણની કલમ ૨૧ દરેક નાગરિકને ગૌરવપૂર્ણ જીવન અને સાંસ્કૃતિક ઓળખનો અધિકાર આપે છે. કલમ ૨૫ અને ૨૬ દરેક નાગરિકને ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક પરંપરાઓના પાલનનો મૂળભૂત અધિકાર આપે છે. ટ્રેડમાર્ક એક્ટ, ૧૯૯૯ ની કલમ ૯(૨)(b) ધાર્મિક લાગણીઓને અસર કરતી બાબતો અંગે વિશેષ સંવેદનશીલતા રાખે છે.

સુપ્રીમ કોર્ટના Lal Babu Priyadarshi v. Amritpal Singh (૨૦૧૫) કેસમાં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક વારસા સાથે જોડાયેલા નામો અંગે મહત્વપૂર્ણ અવલોકનો કરવામાં આવ્યા હતા. વિવિધ અદાલતોએ પણ ધાર્મિક અને સાંસ્કૃતિક વારસા સાથે જોડાયેલા નામો અને પ્રતિકો અંગે વિશેષ સાવધાની રાખવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન સાળંગપુર મંદિર ટ્રસ્ટ સમક્ષ માંગણીઓ કરે છે.

- તમામ ટ્રેડમાર્ક અને કૉપિરાઈટ નોંધણીઓની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવે.
- ટ્રેડમાર્ક નંબર, કૉપિરાઈટ નંબર અને અરજીની નકલો જાહેર કરવામાં આવે.
- "કષ્ટભંજન", "કિંગ ઓફ સાળંગપુર", ધાર્મિક પ્રસાદ, પ્રતિમા અને અન્ય પ્રતિકો અંગે ચોક્કસપણે શું નોંધાયું છે તે સ્પષ્ટ કરવામાં આવે.
- સામાન્ય ભક્તો, અન્ય મંદિરો, ધાર્મિક સંસ્થાઓ, પ્રકાશકો, મૂર્તિકારો અને ભજન મંડળોના ધાર્મિક ઉપયોગ પર કોઈ અસર નહીં થાય તેવી જાહેર ખાતરી આપવામાં આવે.
- આ સમગ્ર પ્રક્રિયામાં ટ્રસ્ટના કેટલા નાણાં ખર્ચાયા તેની વિગતો જાહેર કરવામાં આવે.
- ટ્રસ્ટી મંડળના સંબંધિત ઠરાવોની નકલો જાહેર કરવામાં આવે.

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન સ્પષ્ટપણે જાહેર કરે છે કે તેનો વિરોધ કોઈ વ્યક્તિ, સંત કે મંદિર સામે નથી, પરંતુ સનાતન ધર્મની સામૂહિક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસા પર કોઈપણ પ્રકારના એકાધિકારવાદી દાવા સામે છે. જો સંબંધિત દસ્તાવેજોની સમીક્ષા બાદ એવું જણાશે કે સદીઓથી પ્રચલિત ધાર્મિક શબ્દો, પ્રતિકો, પ્રસાદ, મૂર્તિઓ અથવા પરંપરાઓ પર અતિશય અને જાહેર હિતને અસર કરતો અધિકાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, તો વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન સર્વે સનાતની સંસ્થાઓને સાથે રાખીને ટ્રેડમાર્ક રજિસ્ટ્રી સમક્ષ વાંધા, ચેરિટી કમિશનર સમક્ષ રજૂઆત, સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ ફરિયાદો તથા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ જાહેરહિતની અરજી સહિતના તમામ કાનૂની વિકલ્પોનો ઉપયોગ કરશે.

# ધારાસભ્ય ઉદય કાનગડના હસ્તે કાલે જ્ઞાનરત્ન અભિવાદન સમારોહ

સિટી ન્યૂઝ@રાજકોટ

વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે સતત ચોથા વર્ષે જ્ઞાનરત્ન અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે તા. ૧૪ જૂન, રવિવારે સવારે ૯:૩૦ કલાકે અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ ખાતે યોજનારા આ સમારોહમાં ધોરણ ૧૦ અને ૧૨ની માર્ચ-૨૦૨૬ બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર ૧૦૭૩ વિદ્યાર્થીઓનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવશે.

ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓનું સન્માન એટલે ભવિષ્યનું સન્માન. સમાજના ભાવિ કર્ણધારો એવા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે, શિક્ષણ પ્રત્યેનો લગાવ મજબૂત બને અને તેઓ ભવિષ્યમાં દેશ તથા સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ



### » ધોરણ ૧૦-૧૨ના ૧૦૭૩ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહનની અનોખી પહેલ

યોગદાન આપી શકે તેવા શુભ આશયથી આ સમારોહનું આયોજન કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષ દરમિયાન આ પહેલ હેઠળ ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું છે. આ વર્ષે પણ ૧૦૭૩ તેજસ્વી તારલાઓને સન્માનિત કરીને તેમની મહેનત અને સિદ્ધિઓને બિરદાવવામાં આવશે. વિદ્યાર્થીઓને યોગ્ય સમયે માન્યતા અને પ્રોત્સાહન મળે તો તેઓ વધુ ઊંચી સિદ્ધિઓ હાંસલ કરવા માટે પ્રેરિત થાય છે.

સમારોહમાં રાજ્યના કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અધ્યક્ષસ્થાને રહેશે, જ્યારે રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલાના હસ્તે કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ ઉપરાંત શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, મેયર ડૉ. નેહલ શુક્લ, પૂર્વ રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, વિવિધ ધારાસભ્યો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને શહેર ભાજપના આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષણવિદો, સામાજિક આગેવાનો તેમજ વિધાનસભા-૬૮ વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# કવિ કલાપીની પુણ્યતિથિ નિમિતે યાદી ભરી ત્યાં આપની કાર્યક્રમ

### » લાઠી હાઉસ ખાતે સાહિત્યપ્રેમીઓએ અમર કવિ કલાપીને અર્પી ભાવાંજલિ

સિટી ન્યૂઝ@રાજકોટ

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ, રાજકોટ દ્વારા અમર કવિ કલાપીની ૧૨૬મી પુણ્યતિથિ નિમિતે યાદી ભરી ત્યાં આપની કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ નિવાસી કલાપીના પ્રપૌત્ર, લાઠી સ્ટેટના ઠાકોર સાહેબ તથા રાજકુમાર કોલેજના ટ્રસ્ટી કીર્તિકુમારસિંહજી ગોહિલના નિવાસસ્થાન લાઠી હાઉસ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ અને કલાપીપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે કવિ કલાપીની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે કવિ પ્રકાશ હાથીએ કલાપીની લોકપ્રિય અને અમર રચનાઓ રે પંખીડા સુખે ચણજો, ગ્રામ્ય માતા, હા પસ્તાવો અને વિપુલ ઝરણું જે પોષતું તે મારતું ભાવપૂર્વક પઠન કર્યું હતું.

નિવૃત્ત પ્રાધ્યાપક અને લેખક નવીનભાઈ ધામેચાએ પોતાના વક્તવ્યમાં કલાપીના અલ્પ જીવન છતાં ગુજરાતી સાહિત્યમાં આપેલા અવિસ્મરણીય યોગદાન, તેમની સંવેદનશીલતા, જીવનસંઘર્ષ તેમજ કાશ્મીર પ્રવાસ જેવા વિવિધ પાસાઓ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે સંસ્થા દ્વારા કવિ કલાપીના ૮૫ વર્ષીય પ્રપૌત્ર કીર્તિકુમારસિંહજી ગોહિલનું પુષ્પગુચ્છ, પુસ્તક, ખેસ અને શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન લેખક-પત્રકાર બાલેન્દુ જાની, જયેન્દ્રભાઈ મહેતા અને પરિમલભાઈ જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન લાઠી હાઉસમાં સંગ્રહિત કવિ કલાપીના દુર્લભ તૈલીચિત્રો, તસવીરો અને અન્ય ઐતિહાસિક સ્મૃતિચિહ્નોનું નિહાળન કરી સાહિત્યપ્રેમીઓએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુપમ દોશીએ કર્યું હતું, જ્યારે અંતમાં જનાર્દન આચાર્યએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પંકજ રૂપારેલિયા, જીતુ ગાંધી, વિપુલ ભટ્ટ, ઉપમન્યુ રાવલ અને રમેશ શીશાંગીયાએ જહેમત ઉઠાવી હતી.




# 2010 પૂર્વે નિયુક્ત શિક્ષકોના હિત સંરક્ષણ માટે મહાસંઘ મેદાને

### » 18 જૂને રાજ્યભરના જિલ્લા મુખ્યાલયોએ ધરણા-પ્રદર્શન, 75 હજારથી વધુ ગુજરાતના શિક્ષકોને અસર થવાની આશંકા

સિટી ન્યૂઝ@રાજકોટ

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૧૦ પૂર્વે નિયુક્ત થયેલા શિક્ષકોના હિતોના સંરક્ષણ માટે રાજ્યવ્યાપી આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. મહાસંઘે જણાવ્યું છે કે સમગ્ર દેશમાં અંદાજે ૨૫ લાખ અને ગુજરાતમાં ૭૫ હજારથી વધુ શિક્ષકોના સેવા હિતો, વરિષ્ઠતા, બઢતી અને અન્ય પ્રાપ્ત અધિકારો પર અસર થવાની શક્યતા ઉભી થઈ છે.

રાજકોટ ખાતે યોજાયેલી પ્રાંત સ્તરીય પ્રેસ વાર્તામાં મહાસંઘના આગેવાનોએ જણાવ્યું હતું કે, ૨૩ ઓગસ્ટ ૨૦૧૦ની એનસીટીઈની TET સંબંધિત અધિસૂચના અને સર્વોચ્ચ ન્યાયાલયના ૨૯ મે ૨૦૨૬ના ચુકાદાના અનુસંધાનમાં આ સ્થિતિ સર્જાઈ છે. મહાસંઘે સ્પષ્ટ કર્યું કે તેઓ સર્વોચ્ચ અદાલતના નિર્ણયનો સંપૂર્ણ સન્માન કરે છે, પરંતુ ૨૦૧૦ પૂર્વે તે સમયના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કાયદેસર રીતે નિમણૂક પામેલા શિક્ષકોના હક્કોનું રક્ષણ થવું જરૂરી છે. મહાસંઘે કેન્દ્ર સરકારને કાયદાકીય, નીતિગત અને વહીવટી સ્તરે તાત્કાલિક હસ્તક્ષેપ કરી શિક્ષકોના હિતો સુરક્ષિત રાખવાની માંગ કરી છે. આ મુદ્દે દબાણ વધારવા માટે આગામી ૧૮ જૂને ગુજરાતના તમામ જિલ્લા મુખ્યાલયોએ ધરણા અને પ્રદર્શન કાર્યક્રમો યોજવામાં આવશે. મહાસંઘના આગેવાનોએ ચેતવણી આપી છે કે જો શિક્ષકોના હિતોના રક્ષણ માટે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. શિક્ષક સંગઠનોએ સરકારને વહેલી તકે સ્પષ્ટતા કરીને શિક્ષકોમાં વ્યાપેલી અનિશ્ચિતતા દૂર કરવાની માંગ કરી છે.

# રેસકોર્ષમાં 14મી એ વરિષ્ઠ નાગરીકો માટે યોગ શિબીર

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ ના અનુસંધાને રેસકોર્ષના ફુટબોલ ગ્રાઉન્ડમાં તા.૧૪-૦૬-૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૫:૩૦ થી ૭:૩૦ દરમ્યાન વરિષ્ઠ નાગરિકો માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે આ શિબીરમાં વડિલોની સાથે યુવાનો અને બાળકો પણ જોડાઇ શકશે.

આપણે બધા જાણીએ છીએ કે યોગના અદભુત ફાયદાઓ છે જેમાં નિયમીત યોગ કરવાથી શારિરીક તંદુરસ્તી જળવાઈ રહે છે, માનસિક શાંતિ મળે છે, રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે અને સકારાત્મક ઉર્જા મળવાથી જીવન આનંદમય બને છે. તો સ્વસ્થ જીવન માટે વધુમાં વધુ નાગરિકો આ યોગ શિબીરમાં જોડાય એવી યોગ નિષ્ણાંત વંદનાબેન રાજાણીએ જણાવ્યુ છે.